નવેમ્બર ૨૦૧૭

# દાદાવાણી

કિંમત ₹ ૧૦





જ્ઞાની પુરુષનો પરમ વિનય કરે તે પોતે પોતાના આત્માનો વિનય કર્યો કહેવાય, તેટલો આત્મા પ્રગટ થાય.



પરમ વિનય એટલે આખી દુનિયા એને દુઃખ દે તોય સમતા ના છોડે એનુ નામ પરમ વિનય.

**તંત્રી : ડિમ્પલ મહેતા**
વર્ષ : ૨૩, અંક : ૩
સળંગ અંક : ૨૬૭
**નવેમ્બર ૨૦૧૭**

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦

**Printed & Published by**
**Dimple Mehta on behalf of Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.
**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**કુલ ૨૮ પેજ કવર પેજ સાથે**

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૧૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૦૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## પરમ વિનય

### સંપાદકીય

વીતરાગોનો આખો માર્ગ જ વિનયનો છે. વિનય ધર્મની શરૂઆત હિંદુસ્તાનથી થાય છે. હાથ જોડવાથી તે સાષ્ટાંગ પ્રણામ સુધીમાં જે ક્રિયા કરે છે તે વિનય ધર્મ. જેમ ભણવા માટે ગુરુના વિનયમાં રહેવું જરૂરી છે તેમ અહીં અક્રમમાં મોક્ષનું જ્ઞાન મેળવવા ખપે માત્ર 'પરમ વિનય'. પરમ વિનયથી મોક્ષ છે.

પરમ વિનય એટલે અહંકાર રહિત સ્થિતિ. જેમ અહંકાર ઓગળે તેમ પરમ વિનય ઉત્પન્ન થાય. અત્રે પરમ વિનયનો સરળ વ્યવહારિક ભાષાથી ઠેઠ તાત્ત્વિક ગૂઢ અર્થ સમજાવતા દાદાશ્રી કહે છે કે પરમ વિનય એટલે કોઈને આપણાથી કિંચિત્‌માત્ર દુઃખ ના થાય. વાદ-વિવાદ ના હોય, ડખો ના હોય, કાયદા ના હોય, કોઈની ખોડ ના કાઢે, કિંચિત્‌માત્ર કોઈની વિરાધના ના હોય. જ્યાં આધીનતા, લઘુતમ ભાવ, અભેદ દૃષ્ટિ, પ્રેમ ત્યાં જ પરમ વિનયની પ્રાપ્તિ થાય છે.

ગાઢ વિનય અને પરમ અવગાઢ વિનય સમજાવતા દાદા કહે છે, અવિનય સામે વિનય કરવો એ ગાઢ વિનય કહેવાય અને અવિનયથી સામો બે ધોલ મારે ત્યારે પણ વિનય જાળવવો તે પરમ અવગાઢ વિનય કહેવાય. પરમ અવગાઢ વિનય જેને પ્રાપ્ત થાય તે ચોક્કસ મોક્ષે જાય, જે આત્મજ્ઞાન પ્રાપ્તિ પછી જ શક્ય છે.

અક્રમ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જ્ઞાની પુરુષ તેનું ભાવમૂલ્ય સમજાવતા જણાવે છે કે અહીં ફક્ત બે જ વસ્તુની જરૂર છે : 'પરમ વિનય' અને 'હું કંઈ જાણતો નથી' એ ભાવ. અહીં જ્ઞાનપ્રાપ્તિ માટે કોઈ લાયકાત નથી જોવાતી, ફક્ત તારો વિનય જ જોવાય છે. મોક્ષમાર્ગે મોટામાં મોટો ગુણ આ જગતમાં કોઈ હોય તો તે વિનય ગુણ.

પરમ વિનય એટલે સંપૂર્ણ સમર્પણ. આ દાદા જ જ્ઞાની પુરુષ છે અને એ જ મને મોક્ષે લઈ જશે એ નિશ્ચય જ પરમ વિનય છે. જ્ઞાની પુરુષનો પરમ વિનય કરે તે પોતે પોતાના આત્માનો વિનય કર્યો કહેવાય, તેટલો આત્મા પ્રગટ થાય. પરમ વિનય એ પ્રજ્ઞા ભાગ છે. ભગવાનની ધાતુ મિલાપ થાય ત્યાં સુધી, જ્યાં સુધી સંપૂર્ણ દશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પરમ વિનય રહેવો જોઈએ. પ્રસ્તુત સંકલનમાં દાદાશ્રી કહે છે, જેનામાં જેટલો વિનય તેટલા ભગવાન પ્રાપ્ત થાય. અને જેને પરમ વિનય છે ત્યાં તો આખા ભગવાન પ્રાપ્ત થાય. મહાત્માઓ પરમ વિનય સંબંધી આ જ્ઞાનવાણીનું આરાધન કરી, તે સંબંધી પુરુષાર્થ માંડી ઠેઠ સુધી જ્ઞાની પુરુષના પરમ વિનયમાં રહીને મોક્ષમાર્ગ પૂરો કરીએ એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# પરમ વિનય

## વિવેકથી પરમ વિનય સુધી

મોક્ષનો માર્ગ શો છે ? વિવેકમાંથી સદ્‌વિવેક, સદ્‌વિવેકમાંથી વિનય, વિનયમાંથી પરમ વિનય અને પરમ વિનયથી મોક્ષ !

વિવેક એટલે ખરા-ખોટાંને જુદું પાડવું તે. સદ્‌વિવેક એટલે સારાને ગ્રહણ કરાવે તે. વિનય એટલે વ્યવહાર પ્રમાણે ચાલે છે તેનાથી આગળ ગયા તે. પરમ વિનય એટલે જે દેખાય છે તે તરફનો આદરભાવ નહીં, પણ જે નથી દેખાતું તે તરફનો આદરભાવ ! વિવેકથી સંસાર ચલાવાય, વિનયથી ધર્મ થાય અને પરમ વિનયથી મોક્ષ થાય.

**પ્રશ્નકર્તા :** વિવેક બુદ્ધિથી જ ઊભો થાય કે સાહજિક હોઈ શકે ?

**દાદાશ્રી :** હા, બુદ્ધિથી. બુદ્ધિ વગર ના થાય. બુદ્ધિના પ્રકાશથી વિવેક પડેલો છે.

**પ્રશ્નકર્તા :** વિવેક બુદ્ધિના પ્રકાશથી અને વિનય ?

**દાદાશ્રી :** વિનય હઉ બુદ્ધિના પ્રકાશથી.

**પ્રશ્નકર્તા :** બન્નેય બુદ્ધિના પ્રકાશથી જ છે.

**દાદાશ્રી :** અને પરમ વિનય જ્ઞાનના પ્રકાશથી.

## વાણી, વર્તન ને વિનય હોજો મનોહર

ભગવાને કહ્યું છે કે બોલમાં વિવેક રાખજો, વિનય રાખજો. વિવેકપૂર્વક બોલાય, વિવેક વગરનું બોલાય નહીં, એની જોખમદારી છે. એક વકીલ એવું બોલ્યો'તો સુરતની કોર્ટમાં કે 'માય ઓનરેબલ જજ ઈઝ ડોઝીંગ (મારા માનનીય જજ ઝોંકા ખાય છે.).' હવે પેલાં દૂધપાક ખઈને આવેલા. તે જરા આમ ઝોકું ખવાઈ ગયું, ત્યારે શું કોઈ ગુનો થઈ ગયો ? હવે તેમની પાસે આપણે ન્યાય લેવાનો છે. હવે પેલો એવો ચોખ્ખો માણસ તે બોલી ગયો. એટલે સાહેબ તે દહાડે કશું ગુસ્સે ના થયા. સાહેબે તે દહાડે ખુશી ખુશીમાં બધી વાત કરી, પણ છેવટે જજમેન્ટમાં મારી દીધું. કારણ કે ના બોલાય એવું. વિવેક હોવો જોઈએ. જ્યાં સુધી જગત વ્યવહારની તમને જરૂર છે, ત્યાં સુધી મનોહર લાગે તેવું બોલો

પહેલી વાણી જોઈએ, પછી વર્તન જોઈએ અને પછી વિનય જોઈએ, આ ત્રણેય મનોહર જોઈએ. જ્ઞાની પુરુષનું વર્તન આપણા મનનું હરણ કરે એવું હોય, વાણીય મનનું હરણ કરે એવી હોય અને વિનય પણ મનને હરણ કરે એવો હોય. આવડા મોટા જ્ઞાનીપદમાં છે, પણ આપણા કરતાં વધારે વિનય એ રાખે છે.

અમારી વાણી, વર્તન અને વિનય, આ ત્રણ ચીજ મનોહર હોય, મનને હરણ કરે તેવું હોય. અને (તમારે) તે જ્યારે ત્યારે એ થવું જોઈએ, એવું થવું પડશે. એ તો જે થયા હોય તેમની પાછળ પડીએ, તો એવું થઈ જવાય કે ના થઈ જવાય ?

**પ્રશ્નકર્તા :** થઈ જવાય.

**દાદાશ્રી :** બસ, બીજું કશું કરવાની જરૂર નથી આપણે. એમની પાછળ પડવું. અનંત અવતારની ખોટ એક અવતારમાં ભાંગવાની છે. એટલે કાળજી તો રાખવી પડશે ને ?

## જ્યાં વિનય, ત્યાં સાચો ધર્મ

**પ્રશ્નકર્તા :** સામાન્ય રીતે તો આપણે વિનય-વિવેક બહુ સારી રીતે વાત કરે એને કહીએ જ છીએ, તો પણ વિનયનું ખરું સ્વરૂપ શું છે ? આપણે બાહ્યાચારમાં સારી રીતે વાત કરીએ, પણ અંદરથી તો આપણને એના માટે કંઈનું કંઈ થતું હોય !

**દાદાશ્રી :** વિનય તો જ્યાં આગળ સાચો ધર્મ છે, ત્યાં બધું અર્પણ કરી દેવા જેવું થઈ જવું, ઓગળી જવું, તેનું નામ વિનય. બાકી આ બહાર તો વિવેક કહેવાય.

**પ્રશ્નકર્તા :** હા, બહાર તો આચાર, બાહ્યાચાર...

**દાદાશ્રી :** એ તો વિવેક કહેવાય.

**પ્રશ્નકર્તા :** હા, એટલે આપણો અહંકાર બધો ઓગળી જાય તેને વિનય કહીએ છીએ ?

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** આપણો અહંકાર ઓગળી જાય તે અવસ્થાને વિનય કહીએ છીએ કે દરેક વખતે આપણે જાગૃતિ રહે એને વિનય કહીએ છીએ ?

**દાદાશ્રી :** નહીં, જ્યાં ધર્મ છે, સત્ય ધર્મ છે ત્યાં આગળ પોતાનું અવિનયપણું બિલકુલ ના રહે, એને વિનય કહેવામાં આવે છે. બિલકુલ વિનયસર... ત્યાં ડખો ના કરે, બીજે બધે ડખો કરી આવે.

**પ્રશ્નકર્તા :** એટલે સત્ય ધર્મનો સ્વીકાર કરવો એનું નામ વિનય છે ?

**દાદાશ્રી :** એ એટલું જ સમજી લો કે ધર્મ આપણાથી થયો નહીં તેનો વાંધો નથી પણ જે ધર્મિષ્ઠ છે ત્યાં અવિનય નહીં કરવો જોઈએ. એને વિરાધક નથી કહેતા. એ વિરાધના ના કરે ને આ બીજા અમુક લોકો તો વિરાધના કરે બધું, એમને સમજણ જ નહીંને કશું.

## વિનય એ અહંકાર રહિતપણું

**પ્રશ્નકર્તા :** વિનય એ અહંકાર રહિતપણું છે કે જાગૃતિ છે ?

**દાદાશ્રી :** ના, વિનય એ અહંકાર રહિતપણું છે. આ વિનય એટલે વિરાધના-બિરાધના ના કરે. વિરાધક હોય જ નહીં એ. એ ધર્મ આવ્યો ને ત્યાં વિરાધના ના કરે.

**પ્રશ્નકર્તા :** એ સંપૂર્ણ સમર્પણ તો પછી જ આવે ? આ તો પહેલું જ પગથિયું છે કે ?

**દાદાશ્રી :** સમર્પણ નહીં, આ તો આમાં સમર્પણ-બમર્પણ કશું નહીં. વિરાધના ના થાય એટલા માટે એ સંપૂર્ણ વિનય કરી નાખે. એમને નક્કી જ આવું, આ મનના ભાવ જ આવા, વિનય કરવાના.

**પ્રશ્નકર્તા :** એટલું પહેલું ખુલ્લાપણું છે, પોતાનું છોડી દઈ અને નવું સ્વીકારવાનું, ખુલ્લાપણાની સ્થિતિ છે, તેને વિનય કહે છે ?

**દાદાશ્રી :** હા, એટલે એ સમજણ પાકી છે કે મારું હિત શેમાં અને અહિત શેમાં ? એ બે સમજણ એમની બહુ ઊંચી હોય. જ્યારે આ ડેવલપ ઓછા હોય છે, એને હિતકારી શું અને અહિતકારી શું એનું ભાન ના હોય.

## જ્ઞાન પ્રાપ્ત થાય પરમ વિનય થકી

**પ્રશ્નકર્તા :** કોઈને આપના જેવું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો કેવું વર્તન હોવું જોઈએ ?

**દાદાશ્રી :** જેમ મા-બાપ જોડે વિનય જોઈએ, એમની આજ્ઞામાં રહેવું જોઈએ, તેમ અહીં પરમ વિનય જોઈએ.

ચોવીસ તીર્થંકરો કહેતા આવ્યા છે કે આત્મજ્ઞાન માટે નિમિત્તની જરૂર છે. 'જ્ઞાની' કર્તા હોય નહીં. હું જો કર્તા હોઉં, તો મને કર્મ બંધાય અને તમે નિમિત્ત માનો તો તમને પૂરેપૂરો લાભ ના થાય. મારે 'હું નિમિત્ત છું' એમ માનવાનું ને તમારે 'જ્ઞાનીથી થયું' એમ વિનય રાખવાનો.

## વીતરાગોનો માર્ગ જ વિનયનો

વીતરાગનો આખો માર્ગ જ વિનયનો માર્ગ

છે. આ વિનયધર્મની શરૂઆત જ હિન્દુસ્તાનમાંથી થાય છે. હાથ જોડવાની શરૂઆત અહીંથી જ થાય છે તે ત્યાંથી માંડીને ઠેઠ સાષ્ટાંગ દંડવત્ સુધી જાય છે. વિનયધર્મ તો પાર વગરના છે અને પરમ વિનય ઉત્પન્ન થાય એટલે મોક્ષ થાય.

એક શેઠ જ્ઞાન માટે આવેલા. મેં પૂછયું, 'શું નામ છે ?' તો કહે, 'હું શેઠ, આનો પ્રેસિડન્ટ.' (નામ પૂછયું તો માન જાહેર કર્યું) અલ્યા, જરા વિનય તો રાખ. જ્યાં પુદ્‌ગલને ખલાસ કરવાનું છે, ત્યાં પુદ્‌ગલની ખેંચ શી ? પુદ્‌ગલનો ભાર શો રાખવાનો ? જ્યાં આત્મા પ્રાપ્ત કરવાનો છે, ત્યાં તો પરમ વિનય જોઈએ.

'રિલેટિવ' ધર્મોમાં પણ જ્યાં વિનય છે ત્યાં મોક્ષમાર્ગ છે અને વિનય જો અટકે નહીં, (વિનયમાં જ રહે) તો મોક્ષ જ છે.

મનુષ્યપણું તે તો વિવેક અને વિનયના પ્રમાણમાં છે. જેટલો વિનય અને વિવેક ઓછો તેટલું મનુષ્યપણું ઓછું ને તેટલી પાશવતા.

વિનય તો મોટું પદ છે. વિનય હોય તો મોક્ષે જવાય, નહીં તો મોક્ષમાં જવાય નહીં. વિનય વગર મોક્ષ નથી. બીજું કશું ભણવા-કરવાની જરૂર નથી. ભણવાવાળા તો કંઈક ભણી-ભણીને થાકી ગયેલા. વીતરાગનો માર્ગ પરમ વિનય માગે છે, એમને બીજું કશું જ જોઈતું નથી.

## વિનયી લોકોને જોવાથી આવે વિનય

વિનયથી તો માણસ શોભે છે. અત્યારે ઉદ્ધતાઈ કરવા જાય કે 'હું કલેક્ટર છું ને આમ તેમ....' તો લોકો એને 'ગાંડો છે, ચક્કર છે' કહેશે. અહીં સંસારમાંય ઉદ્ધતાઈ કરવા જેવી નથી. ત્યારે જ્ઞાની પુરુષ એટલે શું કે આખા બ્રહ્માંડના ઉપરી કહેવાય. તે ઉદ્ધતાઈ કરે નહીં. એ તો બાળક જેવા હોય. અહીં તો થોડોક મોટો થયો, કલેક્ટર કે ઓફિસર થયો તો કેટલીય છાતી કાઢીને ફરે ! એને ઉદ્ધતાઈ કહેવાય.

વિનય વગર તો માણસ, માણસ જ ના કહેવાય. પરમ વિનય તો જુદી વસ્તુ પણ વિનય જોઈએ. આપણા દરેક પુસ્તકમાં આવું લખેલું હોય, તે કિંમત સમજાય તોય બહુ થઈ ગયું.

**પ્રશ્નકર્તા :** વિનય લાવવા માટે પ્રયત્ન તો કરવો પડેને, જાણવું પડે ને ?

**દાદાશ્રી :** પ્રયત્ન કરવાના ના હોય, જોવાનું જ હોય. અહીં આવીને તમારે બેસી રહેવાનું અને વિનયી લોકોનું વર્તન જોયા કરવાનું. જોવાથી વિનય આવડે. આજુબાજુ જોઈએ, કોઈ બોલતું નથી એટલે આપણને વિનય આવે તો આપણે ના બોલવું જોઈએ. એટલે જોવાથી વિનય આવે. જોવાથી, શીખવાનું ના હોય, પ્રયત્નેય ના કરવો પડે. (વિનયવાળાને જોવાથી) ખાલી જરા ઈમ્પ્રેશન (છાપ) પડે. આ વિનય, પરમ વિનય બધી ઈમ્પ્રેશન છે. એટલે કાયદો નથી આપણે ત્યાં, નો લૉ લૉ.

## સમતા ના છોડે તે પરમ વિનય

**પ્રશ્નકર્તા :** વિનય ને પરમ વિનયમાં ફેર શું ?

**દાદાશ્રી :** આખી દુનિયામાં કોઈ જીવને દુઃખ ના દેવું એનું નામ વિનય. કોઈ દુઃખ આપે એને દુઃખ ના દે, એનું નામ વિનય. અને પરમ વિનય એટલે આખી દુનિયા એને દુઃખ દે તોય સમતા ના છોડે એનું નામ પરમ વિનય. આ બે આવડી ગયું તો પોતે જ ભગવાન થઈ ગયો. આ બે શીખવાની જરૂર છે.

**પ્રશ્નકર્તા :** દાદા, હજુ થોડું સ્પષ્ટીકરણ કરો દાખલો આપીને ફરી સમજાવો જરા.

**દાદાશ્રી :** કોઈને ગાળ ભાંડવી એનું નામ

'નય' કહેવાય અને કોઈ આપણને ગાળ ભાંડે, તો ત્યાં આપણે એને ગાળ ભાંડવી નહીં, એ વિનય કહેવાય. અને લોકો આપણને ગાળ ભાંડે, તોય બિલકુલ સમતા રાખવી એ પરમ વિનય કહેવાય. એ ગાળ ભાંડવી નહીં એમાં વિનય ખરો, પણ એમાં મનના પરિણામ ઊંચા-નીચા થાય અને આ પરિણામેય ઊંચા-નીચા ન થાય અને સમતા રહે, એટલે પછી પરમ વિનય કહેવાય, સમતાપૂર્વક પરમ વિનય કહેવાય. આટલાથી જ મોક્ષ.

**પ્રશ્નકર્તા :** સમતાભાવ એટલે ?

**દાદાશ્રી :** સમતાભાવ એટલે આપણું મન શાંતિમાં અને સમતામાં હોય. મન અશાંત થઈ જાય એ ઘડીએ સમતાભાવ નથી. અત્યારે તારે મનની જેવી શાંતિ છે ને, એવી શાંતિ આમાં રહેવી જોઈએ.

## નય-વિનય-પરમ વિનય

**પ્રશ્નકર્તા :** નય અને વિનય એ જુદી જુદી વસ્તુ નથી ? નય-વિનયને કંઈ લાગે-વળગે જ નહીં ને ?

**દાદાશ્રી :** લાગે-વળગે કેમ નહીં ? નયથી વિશેષ વિનય છે. એ વિનય અને પરમ વિનય એટલે પરમ વિશેષ નય.

**પ્રશ્નકર્તા :** નય તો વ્યવહાર ને નિશ્ચય બતાવે છે ?

**દાદાશ્રી :** એનો એ જ નય, વિશેષ નય થાય તે વિનય છે. જ્યાં નિત્ય હોય ત્યાં વિશેષ નય રાખવાનો અને અનિત્યને છોડી દેવાનું.

દરેક વ્યૂ પોઈન્ટ (દૃષ્ટિબિંદુ)ને નય કહેવામાં આવે છે. તે અમુક વ્યૂ પોઈન્ટથી જોવું. નયના બે ભાગ : એક વ્યવહાર વ્યૂ પોઈન્ટથી નય જોઈ શકાય, તો પુદ્ગલ દેખાય અને નિશ્ચય, રિયલ વ્યૂ પોઈન્ટથી એ આત્મા દેખાય.

હવે નયનો થયો પાછો વિનય. આ બે ભાગને સદ્‌વિવેકપૂર્વક જુદા રાખે વિનય. હવે વિનય આપણે અહીંયા આગળ વ્યવહારમાં વપરાતો વિનય શબ્દ જુદો છે, એ અહંકારી વિનય અને આ વિનય તે બન્ને જુદું જ રાખે એ.

વિનય એટલે વિશેષ નય. આ જગતના બધા જ નય તે સંસાર માટેના છે અને વિશેષ નય તે મોક્ષે લઈ જનાર છે. વિનય તો પ્રજ્ઞા ઊભી થયા પછી જ આવે. વિનય એક જ એવો છે કે જે મોક્ષે લઈ જઈ શકે.

## પરમ વિનયની પરિભાષા

**પ્રશ્નકર્તા :** પરમ વિનયનો વિસ્તૃત અર્થ સમજાવો.

**દાદાશ્રી :** પરમ વિનય એટલે સંકોચાઈ સંકોચાઈને રહેવું. કોઈને અડચણ ના થવા દેવી. મહીં આત્માએ પ્રફુલ્લ રહેવું ને બહાર સંકોચાઈને રહેવું. સહેજે બોધરેશન (હેરાનગતિ) ના લાગે એમને આપણાથી. એમને બોધરેશન લાગે તો ખસી જવું જોઈએ. એમને સુખદાયી થઈ પડીએ પણ સહેજે અડચણરૂપ ના થઈ પડીએ.

**પ્રશ્નકર્તા :** પણ એ તો આપણી એટલી યોગ્યતા કેળવાઈ ગઈ હોય, તો જ એમને અડચણરૂપ ના થઈ શકાય ને ?

**દાદાશ્રી :** નહીં, એ તો આપણે આમાં બીજું શું કરવાનું છે ? વિનય જ જોઈએ, બીજું કશું નહીં. આમાં યોગ્યતા-બોગ્યતાનો સવાલ જ ક્યાં છે ? નાના છોકરાં હોય તોય સમજી જાય ને કે દાદા કોઈ નથી તો ઊઠીને જતા રહે છે જે' જે' કરીને, એડજેસ્ટબલ. બીજાને એડજસ્ટ થતા નહીં આવડે તો ચાલશે પણ અહીં એડજસ્ટ થવું જોઈએ.

## પરમ વિનયી, દુ:ખ સામે ધરે પ્રેમ

પરમ વિનયથી મોક્ષ છે અને આ સંસારમાંય

પરમ વિનયથી તો બહુ સુખી થઈશ. એના જેવો સુખી થવાનો કોઈ રસ્તો જ નથી. પરમ વિનય એટલે શું? કોઈને આપણાથી કિંચિત્‌માત્ર દુ:ખ ના થાય, એ જ પરમ વિનય છે આપણો. આ કાળમાં કોઈને દુ:ખ આપશો નહીં. કોઈ દુ:ખ આપે તો આપણે જમે કરી લેવું. ફરી ધીરવાની ઈચ્છા નથી ને?

**પ્રશ્નકર્તા :** જરાય નહીં.

**દાદાશ્રી :** એ તો પાછા તમે કોઈકને ધીરી બેસશો. કોઈક કશું આપે તે ઘડીએ પાછા ધીરી દેશો! કારણ કે સ્વભાવ કંઈ જતો રહ્યો છે ? જાગૃતિ રહે નહીં ને ! મેં કહ્યું હોય તે ધીર્યા પછી યાદ આવે, પછી તમારે ભૂલ થઈ એનો પસ્તાવો કરવો પડે.

વિનય એટલે કોઈને દુ:ખ ન થાય, એવી રીતે વ્યવહારમાં વર્તવું આપણે અને પરમ વિનય તો કોઈ દુ:ખ કરે તોય એના તરફ પ્રેમ કરવો. શું કહ્યું?

**પ્રશ્નકર્તા :** દુ:ખ કરે તોય પ્રેમ કરવો.

**દાદાશ્રી :** હા, એ પરમ વિનય. પરમ વિનયથી મોક્ષ. ત્યારે કોઈ પ્રશ્ન પૂછે કે દુ:ખ કરે તોય પ્રેમ કરીએ તો લોકો દુ:ખ કર્યા કરે ? ના, કરે એ લિમિટેડ છે, એ ફિલમ થઈ ગયેલી છે. એના માટે ગભરાશો નહીં. તમારે ડિસિઝન (નિર્ણય) જ લેવાની જરૂર. અને તમે કહો કે કોઈ પણ જાતનું દુ:ખ દેશે તોય પણ હું એને સ્વીકાર કરી લઈશ, તોય વાંધો નહીં. હિંમત તમારી, કહેવાની હિંમત જોઈએ ફક્ત. નહીં તો માર ખઈનેય ભોગવે જ છૂટકો છે, તો રાજીખુશીથી કેમ ના ભોગવવો ? પરમ વિનયમાં રહેવું.

પરમ વિનયી હોય તે આબરૂદાર. બીજે આબરૂ છે જ ક્યાં ? કળિયુગમાં આબરૂ રહેતી હશે કોઈની ? પરમ વિનય એ આબરૂ છે. લોકોનો વિનય દેખીએ અને આપણે અવિનયી થઈએ, એ આપણી આબરૂ કહેવાય ?

## પરમ વિનયમાં ના કાઢે ખોડ કોઈની

આ જગત 'રિલેટિવ' છે, વ્યવહારિક છે. આપણાથી સામાને અક્ષરેય ના બોલાય અને જો 'પરમ વિનય'માં હોય તો કોઈની ખોડેય ના કઢાય. આ જગતમાં કોઈની ખોડ કાઢવા જેવું નથી. ખોડ કાઢવાથી શો દોષ બેસશે તેની ખોડ કાઢનારને ખબર નથી.

કોઈનીય ટીકા કરવી એટલે આપણી દસ રૂપિયાની નોટ વટાવીને એક રૂપિયો લાવવો તે. ટીકા કરનાર હંમેશા પોતાનું જ ગુમાવે છે. જેમાં કશું જ વળે નહીં. તે મહેનત આપણે ના કરવી. ટીકાથી તમારી જ શક્તિઓ વેડફાય છે. આપણને જો દેખાયું કે આ તલ નથી પણ રેતી જ છે, તો પછી તેને પીલવાની મહેનત શું કામ કરવી ? ટાઈમ એન્ડ એનર્જી (સમય અને શક્તિ) બંને વેસ્ટ (નકામા) જાય છે. આ તો ટીકા કરીને સામાનો મેલ ધોઈ આપ્યો ને તારું પોતાનું કપડું મેલું કર્યું ! તે હવે ક્યારે ધોઈશ ?

કોઈનાય અવગુણ ના જોવાય. જોવા હોય તો પોતાના જુઓ ને ! આ તો બીજાની ભૂલો જોઈએ તો મગજ કેવું થઈ જાય ! એના કરતાં બીજાના ગુણો જોઈએ તો મગજ કેવું ખુશ થઈ જાય !

## પરમ અવગાઢ વિનય

પરમ વિનય એટલે ગ્રહણ કર્યા કરવું. પૂજ્ય માણસનો રાજીપો મેળવવો. પછી ભલે એ મારે-કરે પણ ત્યાં જ પડી રહેવું ! અવિનય સામે વિનય કરવો તે ગાઢ વિનય કહેવાય અને અવિનયથી બે ધોલ મારે ત્યારે પણ વિનય સાચવવો તે પરમ અવગાઢ વિનય કહેવાય. આ પરમ અવગાઢ વિનય

જેને પ્રાપ્ત થયો તે મોક્ષે જાય. તેને સદ્‌ગુરુની કે કશાની જરૂર નથી. સ્વયં બુદ્ધ થાય એની હું ગેરેન્ટી આપું છું.

## પરમ વિનયમાં છૂપી અભેદ દ્રષ્ટિ

**પ્રશ્નકર્તા :** વિનય અને પરમ વિનયમાં તાત્વિક શો ફરક છે ?

**દાદાશ્રી :** બહુ ફરક છે. પરમ વિનય તો (અજ્ઞાન દશામાં) માણસને ઉત્પન્ન જ ના થાય. આત્મા પ્રાપ્ત કર્યા પછી જ પરમ વિનય થાય અને તેનાથી જુદાઈ લાગે જ નહીં. એનાથી અભેદ દ્રષ્ટિ થાય, અભેદ બુદ્ધિ થાય અને જ્યાં સુધી વિનય છે ત્યાં સુધી 'હું અને ગુરુ મહારાજ' જુદા જ છીએ. છતાંય એ વિનય 'પરમ વિનય'માં લઈ જનારો છે. એ પણ એક સ્ટેશન છે.

જેમાં (પરમ વિનયમાં) 'સિન્સિયારિટી' ને 'મોરાલિટી' વિશેષ હોય અને અમારી જોડે એકતા હોય, જુદાઈ ના લાગે. 'હું ને દાદા એક જ છીએ' એવું લાગ્યા કરે, ત્યાં બધી શક્તિઓ ઉત્પન્ન થઈ જાય. 'પરમ વિનય'નો અર્થ તો બહુ મોટો થાય.

પરમ વિનય એટલે પોતે અભેદસ્વરૂપે જોવું જગત, તત્ત્વ દ્રષ્ટિથી.

## અહંકાર રહિત સ્થિતિ તે જ પરમ વિનય

**પ્રશ્નકર્તા :** પરમ વિનય એટલે સંપૂર્ણ અહંકાર રહિત ?

**દાદાશ્રી :** અહંકાર રહિત સ્થિતિ. જ્ઞાનનો સ્વભાવ કેવો છે કે ઉપરથી નીચે આવે. એટલે પરમ વિનય ચૂકે એ જ્ઞાનને જ પાછું વાળે !

પરમ વિનય લોકોને સમજાય નહીં. એ તો અમે જ્યારે એને ડાહ્યો કરીએ, રિપેર કરીએ (એને જ્ઞાન આપીને), ત્યાર પછી પરમ વિનય ઉત્પન્ન થાય. વિનયવાળા જો પેસે, પછી એને ડાહ્યો કરીને પરમ વિનયનું પદ આપીએ. એનાથી એમનો મોક્ષ થાય.

## લઘુતમ ભાવ એ પરમ વિનય

**પ્રશ્નકર્તા :** આ અહંકાર ઓગળે એટલે જે આપણો અહંકાર છે એ અહંકાર ઝીરો ડિગ્રી પર આવે તો એ લઘુતમ કહેવાય ?

**દાદાશ્રી :** હા, ગુરુતમ ભાવ એ અવિનય છે ને લઘુતમ ભાવ એ પરમ વિનય છે.

પૂર્ણ થવા માટે લઘુતમ ભાવ જેવો બીજો કોઈ ભાવ છે નહીં. જગતમાં અઘરામાં અઘરો ભાવ હોય તો લઘુતમ ભાવ. એ લઘુતમ ભાવ જગત કેવી રીતે પામી શકે ? વર્લ્ડનો એક પણ માણસ લઘુતમ ભાવ પામી શકે નહીં. જે લઘુતમભાવને તમે પામ્યા છો, એ 'વર્લ્ડ'માં કોઈ પણ માણસ પામી શકે નહીં. એ સહેલી વસ્તુ નથી, બહુ અઘરામાં અઘરી વસ્તુ છે એ. લોકો કહે, 'ભઈ, કેમનું ?' ત્યારે આપણે કહીએ, 'હાર્યા ભઈ, હાર્યા.' હવે આપણે હાર્યા કહીએ એટલે 'રિયલ'માં ગુરુતમ થયો એની મેળે, કુદરતી. એટલે લઘુતમ થવાનો ભાવ હોવો જોઈએ. બાકી મોટો થયો કે ભટક્યો. મોટો થયો ને મોટું માન્યું કે ભટક્યો. પૂર્ણ પુરુષો મોટા હોતાં જ નથી. આ તો બધા અધૂરા ઘડા જ મોટા થાય છે. પૂર્ણ પુરુષનો અવાજ જ ના થાય.

## જ્ઞાન માટે ખપે ફક્ત બે જ વસ્તુ

**પ્રશ્નકર્તા :** એટલે પરમ વિનય થવામાં અહંકાર આડો આવે છે ?

**દાદાશ્રી :** બે વસ્તુના આધારે આ જગતમાં મનુષ્યો જીવે છે : એક સ્વરૂપનો આધાર, બીજો અહંકારનો આધાર.

અહંકાર શું મનાવડાવે કે હું બધું સમજું છું અને હું જાણું છું, બસ. એટલું મનાવડાવે ને,

એટલે જાણવાની વાત રહી જાય. એ અજ્ઞાનતાથી આ માર્ગ છે બધો. જ્યાં જ્યાં કંઈ પણ અડચણ આવે છે તે અણસમજણથી છે, સમજણ નહીં પડવાથી. સમજણથી અડચણ નીકળી જાય. હવે સમજણ નથી અને અહંકારનો સ્વભાવ એવો કે જેમ મોટો થાય તેમ એ બધાને કહે કે 'હું તો જાણું બધું, બધું જાણું છું.'

લોકો મનમાં સમજે કે 'હું કંઈક જાણું છું.' અરે, વાંધો નહીં. તે જીવવા માટે તારું એક સાધન છે. એ સાધન ના હોય તો એ મરી જાય. 'આપણે કંઈક જાણીએ છીએ, બીજા કરતાં કંઈક સારું છે' એમ કરીને જીવે, તેનો વાંધો નહીં પણ આ જ્ઞાની પુરુષ પાસે તું એવું ના કહી શકે.

અમારી પાસે બે જ વસ્તુ લઈને આવજો. એક 'હું કંઈ જ જાણતો નથી' ને બીજું 'પરમ વિનય'. 'હું કંઈક જાણું છું', એ તો કેફ છે. જો ખરેખર જાણ્યું એ તો પ્રકાશ કહેવાય ને પ્રકાશ હોય ત્યાં ઠોકર ન વાગે. ત્યારે આ તો ઠેર ઠેર ઠોકર વાગે છે, તેને જાણ્યું શી રીતે કહેવાય ? એકેય ચિંતા ઘટી? સાચું જાણ્યું હોય તો એક પણ ચિંતા ના થવી જોઈએ.

જો 'હું કંઈક જાણું છું' તેમ તું માને છે તો પછી તારા અધૂરા ઘડામાં હું શું રેડું ? તારો ઘડો ખાલી હોય તો હું તેમાં અમૃત ભરી આપું.

## 'હું જાણું છું'ની વળગાડ

આ તે નરી ઠોકરો વાગે છે ને અમથા 'જાણી ગયો, જાણી ગયો' કર્યા કરીએ, તે ક્યારે આપણને લાભ થાય આમાં ? એના કરતાં કાન ખુલ્લા રાખીને, વિનય ખુલ્લો રાખીને આપણે આ જાણવું જ છે, અમારે કંઈ ઈચ્છા છે, એવું ખુલ્લું રાખીએ તો કામ થાય. 'હું જાણી ગયો' કહે, તો પછી શી રીતે કામ થાય ? થાય ખરું ?

**પ્રશ્નકર્તા :** ના થાય એ તો.

**દાદાશ્રી :** જાણ્યું કશું નથી અને જાણ્યાનો રોગ પેસી જાય, તે બહુ મોટો રોગી. જાણ્યાનું ફળ શું ? ભમરડાને રમાડવાના બંધ થાય અને આત્માને રમાડે. રોગી તો જાણ્યાનો અહંકાર જ કરે છે.

**પ્રશ્નકર્તા :** આ 'જાણું છું' એ તો અહમ્ કહેવાય ને? એમાં જ ભટક્યા ને ?

**દાદાશ્રી :** 'હું જાણું છું' એ જ મોટું ભૂત છે! 'આ મારું છે' એ મોટી વળગાડ છે !

એક મહારાજ મને કહે છે, 'કેમ આ અમને કશું દેખાતું નથી ?' મેં કહ્યું, 'મહારાજ, કેફ ચઢેલો છે?' ત્યારે કહે, 'એ તો ઘણો કેફ રહે છે, હું જાણું છું એ.' મેં કહ્યું, 'આત્મા જાણ્યો તો જ જાણ્યું કહેવાય, નહીં તો બીજું જાણવાનું જ શું હતું તે ? એટલે આ જે નથી જાણવાનું તેનો કેફ તમે રાખો છો.' 'હું જાણું છું', પણ જે જાણવાનું છે એ તો તમે જાણતા નથી. ત્યાર પછી વગર કામની ઉપાધિ ઘાલી છે !

પછી મહારાજને કહ્યું કે 'એ કેફ ઉતારશો કેવી રીતે ?' ત્યારે તેમણે કહ્યું, 'આ ક્રિયાઓ તો કરીએ છીએ ને !' ત્યારે મેં કહ્યું, 'જે ક્રિયાથી કેફ ચઢે એ બધી અજ્ઞાન ક્રિયા છે, ભગવાનની કહેલી ક્રિયા નથી. ભગવાનની કહેલી ક્રિયા તો કેફ ઉતારનાર છે, એનાથી કેફ ચડે નહીં !'

## પરમ વિનયથી ખુલે સમજના દ્વાર

ભગવાન શું કહે છે કે વિનયનું ફળ મોક્ષ છે, ક્રિયાઓનું ફળ મોક્ષ નથી. જે બધી ક્રિયાઓ કરી છે તેનું (ભૌતિક) ફળ આવશે. જે ક્રિયાથી ફળ ના આવે તે ક્રિયાથી મોક્ષ. પરમ વિનયથી મોક્ષ, એ સિવાય બધી જ જંજાળ છે અને એનો અંત ના આવે. ગુફામાં હોય તો ગુફાની જંજાળ

પેસે અને સંસારમાં હોય તો સંસારની જંજાળ પેસે, એમ જ્યાં હોય ત્યાં જંજાળ પેસે.

ધર્મ સ્થાનકમાં વિનય કરો, તે આમ ક્રિયા દેખાય ખરી, પણ તે વખતે અંદર સૂક્ષ્મ વિનય છે તે મોક્ષને આપનારો છે. વંદન કરે તે ઘડીએ ગાળો ભાંડતો ના હોય અને 'અહીં'નો વિનય અભ્યુદય ને આનુષંગિક બન્ને ફળ આપે!

આ લોકો કહે છે કે ક્રિયા કરો પણ જ્ઞાન વગર ક્રિયા કેવી ? ક્રિયા તો જ્ઞાનની દાસી છે. ભગવાને કહ્યું કે જ્ઞાન ક્રિયા કરો. 'જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષ.' 'જ્ઞાન ક્રિયા' એટલે શું ? પોતાના સ્વરૂપમાં જ રહેવું ને જાણવું. દર્શન ક્રિયામાં જોવું ને જ્ઞાન ક્રિયામાં જાણવું. જોવું અને જાણવું એ જ આત્માની ક્રિયા છે. જ્યારે આત્મા સિવાય બીજા કોઈ પણ તત્ત્વમાં જ્ઞાન-દર્શન ક્રિયા ના હોય, બીજી બધી જ ક્રિયા હોય.

ક્રિયા લાખ અવતાર કરીશ તોય કશું મળશે નહીં. ક્રિયાઓ કરવાની નથી, 'પરમ વિનય'માં આવવાનું છે. 'પરમ વિનય'થી મોક્ષ છે. 'પરમ વિનય'થી સમજના દ્વાર ખુલી જાય છે. પણ અહંકાર ઓગળે તો જ 'પરમ વિનય' ઉત્પન્ન થાય.

## જાણવાના કેફથી ચઢે આવરણ

**દાદાશ્રી :** 'હું જાણું છું' એવું માને એટલે આવરણ ચઢે. આવરણ ચઢે એટલું નુકસાન... અને પાછું નુકસાન શું થાય ? આવરણ ચઢે જ એક નુકસાન નહીં, પણ જીજ્ઞાસાવૃત્તિ તૂટે. પોતે જાણવાનું બાકી છે તોય કહેશે, 'ના, હું જાણું છું.' એટલે એક તો જાણવાનો કેફ આવ્યો તો આવરણ ચઢે, અને પછી નવું જાણવાની જીજ્ઞાસા તૂટી જાય.

'હું કંઈક જાણું છું' એવો જરાક વિચાર આવે તો પાછી અજાગૃતિ લાવી નાખે.

અજાગૃતિ લાવી નાખે આવરણ આવે એટલે.

અજ્ઞાનનું જ્ઞાન જાણવામાં પુદ્ગલશક્તિ વપરાય છે.

આ તમે જે જાણ્યું ને, તે અજ્ઞાનનું જ્ઞાન જાણેલું. આ વકીલાતમાં તમે કશું જાણેલું તો ખરું જ ને!

**પ્રશ્નકર્તા :** હા, એ અજ્ઞાન જે હતું તેનું જ જ્ઞાન જાણેલું.

**દાદાશ્રી :** અજ્ઞાનનું જ્ઞાન જાણેલું એ પુદ્ગલ શક્તિ બધી એમાં વપરાઈ ગઈ.

**પ્રશ્નકર્તા :** અને જ્ઞાનનું જ્ઞાન જાણવામાં પ્રાર્થના કરવી પડે છે. એટલે શું ?

**દાદાશ્રી :** પ્રાર્થના એટલે જ્ઞાની પાસે વિશેષ જાતની માંગણી કરવી.

**પ્રશ્નકર્તા :** એ અર્થની માંગણી કરવી ?

**દાદાશ્રી :** હા, સાચા સ્વાર્થની માંગણી કરવી એનું નામ પ્રાર્થના. સાચા સ્વાર્થની માંગણી કરવી, સાંસારિક સ્વાર્થ નહીં. સાચો સ્વ (પોતે-આત્મા) અને તેના અર્થને માટે માંગણી કરવી એ સ્વાર્થની માંગણી. એ સાચો સ્વાર્થ કહેવાય. એ પુદ્ગલ વિરોધી હોવાથી શક્તિઓ માંગવી પડે તો જ એ ઊંચે ચઢાય.

## જેટલો વિનય એટલું કામ થાય

એટલે મેં એક નિયમની શોધખોળ કરી છે. મને દારૂડિયા માણસેય ભેગા થયેલા છે. એ મને કહે, 'દાદાજી, હું તો નાલાયક છું, હું તો દારૂ પીઉં છું. મને માર્ગદર્શન આપશો ?' મેં કહ્યું, 'તને પહેલું આપવું પડે. કારણ કે તું નાલાયક છે એવું તારી જાતને જાતે જ બોલે છે. એટલે તારું કલ્યાણ પહેલું થાય.' એનામાં વિનય ગુણ મોટો ઉત્પન્ન થયેલો હોય. અને આ જે શાસ્ત્રો વાંચીને કેફ ચઢેલા, એને વિનય ઓછો હોય. એમનું કામ ઓછું થાય.

## જ્ઞાનીકૃપાએ બદલાય દ્રષ્ટિ

**પ્રશ્નકર્તા :** દાદા, એ જો એમ સ્વીકારી લે કે હું તો કોરો ધાકડ છું, ક્લિન સ્લેટ છું.

**દાદાશ્રી :** સ્વીકારે તો એ બહુ સારું, ડહાપણની વાત કહેવાય.

**પ્રશ્નકર્તા :** પછી તો એની દૃષ્ટિ પણ બદલાય ?

**દાદાશ્રી :** ચોક્કસ બદલાય, પણ દૃષ્ટિ બદલાવનાર હોવો જોઈએ. પોતાની મેળે દૃષ્ટિ બદલી શકશે નહીં. અનાદિથી આ વ્યવહાર ચાલુ આવેલો છે કે દૃષ્ટિ બદલાવનાર હોવો જોઈએ. દૃષ્ટિ બદલાય ત્યારથી તમારી સૃષ્ટિ બદલાયેલી લાગે, એનું નામ દૃષ્ટિ બદલાઈ કહેવાય. સૃષ્ટિ ના બદલાય તો દૃષ્ટિ બદલાયેલી જ કેમ કહેવાય ? નહીં તો જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ આવીને ઊભી રહે.

**પ્રશ્નકર્તા :** એટલે મુખ્ય તો અંતર્મુખ દૃષ્ટિ હોવી જોઈએ ને ?

**દાદાશ્રી :** એવું છે ને, આ કેટલાક લોકો તો મહીં જો જો કરે છે. અલ્યા, મહીં કશુંય નથી. મહીં તો 'જ્ઞાની પુરુષ'ના દેખાડ્યા પછી દેખાય. નહીં તો મહીં તો આમ આંખ મીંચીને જુએ તો સ્ત્રીઓને બીજું બધું દેખાય.

**પ્રશ્નકર્તા :** એટલે અંતર્મુખ થવા કોઈના ટેકાની જરૂર પડે ?

**દાદાશ્રી :** એ તો કૃપા હોય ત્યારે અંતર્મુખ થવાય. કૃપા સિવાય અંતર્મુખ કેમ કરીને થાય ? નહીં તો લોકોને મહીં કારખાના દેખાય ને મોટું મોટું ચિતરામણ દેખાય.

## આમ ઉતરે કૃપા

**પ્રશ્નકર્તા :** એ કૃપા ક્યારે થાય ?

**દાદાશ્રી :** કૃપા તો 'જ્ઞાની પુરુષ'ના દર્શન કરે, એમનો વિનય કરે, એમની આજ્ઞામાં રહે ત્યારે કૃપા થાય. બાકી એમને એમ તે કૃપા થતી હશે ? કૃપા એમને એમ ના ઉતરે. એ કંઈ પૈસાથી ઉતરે છે કે રોજ સેવા કરે તેથી ઊતરે એવું કશું નહીં. પરમ વિનય કંઈ જુએ કોઈ જગ્યાએ, તો કૃપા ઉતરી જાય !

કૃપા એટલે 'એવરી ટાઈમ સિન્સિયર.' નૈમિત્તિક કૃપાપાત્ર થયા સિવાય 'નિશ્ચય' પ્રાપ્ત થાય નહીં. એ તો ક્રમિક માર્ગમાંય નૈમિત્તિક કૃપા ખરી. 'અમે' તો 'સ્પેશ્યલ' કૃપા વરસાવીએ છીએ. પરમ વિનયથી 'અમારી' કૃપા ઊતરે છે. એ માટે 'કમ્પ્લીટ સિન્સિયારિટી' એકલી જ જોઈએ.

## જ્ઞાનીનો રાજીપો મળે, પરમ વિનયથી

**પ્રશ્નકર્તા :** તો પછી જ્ઞાન આપ આપો છો તે કૃપાનું સ્વરૂપ ગણાય ?

**દાદાશ્રી :** કૃપાથી જ કામ થવાનું. મહીં જે પ્રગટ થયા છે એ 'દાદા ભગવાન'ની કૃપા જ સીધી ઊતરી જાય છે. એનાથી કામ લઈ લેવાનું છે. સહુ સહુના પાત્ર પ્રમાણે કૃપા ઊતરે, પછી જેટલો વિનયવાળો એટલી કૃપા વધારે. મોટામાં મોટો ગુણ આ જગતમાં કોઈ હોય તો તે વિનય ગુણ !

આ દેખાય છે એ ભાદરણના પટેલ છે અને મહીં 'દાદા ભગવાન' બેઠા છે ! અહીં વ્યક્ત થયેલા છે અને તમારામાં અવ્યક્તપણે રહેલા છે. એ વ્યક્તની જોડે વિનયપૂર્વક બેસવાથી તમારા પણ વ્યક્ત થયા કરે. આ પરમ વિનયનો માર્ગ છે. અહીં પૈસાની જરૂર ના હોય. અહીં સેવાનીય જરૂર ના હોય. અહીં કશાનીય જરૂર ના હોય. અહીં દ્રવ્યપૂજા હોય નહીં. આ તો મોક્ષનો માર્ગ છે.

**પ્રશ્નકર્તા :** દાદા, આપનો રાજીપો મેળવવા માટે અમારે કઈ રીતે પાત્રતા કેળવવી જોઈએ ?

**દાદાશ્રી :** રાજીપો મેળવવા માટે તો 'પરમ વિનય'ની જ જરૂર છે, બીજી કશી જરૂર નથી. 'પરમ વિનય'થી જ રાજીપો પ્રાપ્ત થાય છે. પગ દબાવવાથી રાજીપો થાય છે એવું કશું છે જ નહીં. મને ગાડીઓમાં ફેરવો તોય રાજીપો ના મળે, 'પરમ વિનય'થી જ મળે.

**પ્રશ્નકર્તા :** પાત્રતા કે અધિકાર વગર આ જ્ઞાન કેમ પચે ?

**દાદાશ્રી :** પાત્રતા કે અધિકારની અહીં જરૂર જ નથી. આ કાળમાં અધિકાર જ કોઈનો જોવા જેવો નથી. આ કાળમાં અધિકાર કોઈને હોય જ નહીં. એટલે અમે તો ગમે તે આવે તેના માટે ખુલ્લું કરી દીધું છે. આ કાળ કયો છે જાણો છો ? જૈનો 'દુષમકાળ' કહે છે ને વેદાંતીઓ 'કળિયુગ' કહે છે. કળિયુગ એટલે શું ? કોઈ દહાડો કળ વળે નહીં તે. 'કાલે શું થશે ? કાલનું શું થશે ?' એમ કળ વળે નહીં. અને દુષમકાળ એટલે શું ? મહાદુઃખે કરીને પણ સમતા ના રહે. હવે આવા કાળમાં અધિકાર જોવા જોઈએ તો કોનો નંબર લાગે ? અધિકારી હોય જ નહીં !

## દૃષ્ટિફેર વિનય ગુણે

મારે તમારી કોઈ ચીજની કશી જરૂર નથી, ફક્ત તમારે એમ કહેવાનું કે આપની દૃષ્ટિએ મને દૃષ્ટિ મેળવી આપો. એટલે હું હાથ મૂકીને તમને બધું કરી આપું. ભગવાન, ચોવીસ તીર્થંકરોની કૃપા ઊતરી જાય તમારી ઉપર ! હું તો એજન્ટ છું, વચ્ચે દલાલ છું. 'બ્રોકર' શું ના કરે ? એટલે તરત જ આનો એક કલાકમાં ઉકેલ ! કલાકમાં જ દૃષ્ટિ એક થઈ જાય. કારણ કે ચોવીસ તીર્થંકરોનું વરદાન છે, કે જો તું જ્ઞાની પુરુષ પાસે ગયો તો તારે કશું કરવાનું બાકી નથી. નહીં તો કર્યા જ કર, તારી મેળે જે અનુકૂળ આવે તે કરજે. ખાલી દૃષ્ટિફેર કરવાની જરૂર છે. આપણે એમને કહેવું કે સાહેબ, મને દૃષ્ટિફેર કરી આપો. બસ, આટલું જ કહેવાની, માંગણી કરવાની જરૂર છે. 'માંગ્યા વગર તો માયે ના પીરસે' એવો દુનિયાનો કાયદો છે.

**પ્રશ્નકર્તા :** માંગવાની વૃત્તિ થાય એ પણ બહુ પુણ્ય હોય તો થાય ?

**દાદાશ્રી :** હા, બહુ પુણ્ય હોય તો થાય અને માંગવાની વૃત્તિ ના થાય ને તમે આવ્યા ને, એટલે અમે જાણીએ કે તમારી માગ્યાની વૃત્તિ રહે છે. અમે એવી રીતે કંઈ મંગાવવા માગતા નથી કે તમારે કહેવું પડે કે 'સાહેબ આપો મને !' અમે તો તમારો વિનય જોઈ લઈએ, એટલે તમે માગી લીધું ! વિનય અને પરમ વિનય જોઈએ.

## જ્ઞાન પરિણમવા ખપે પરમ વિનય

**પ્રશ્નકર્તા :** આ સત્પુરુષ તો વરસાદ બધાને સરખો વરસાવે છે, પણ મારો લીમડો હોય અને બીજાને આંબો હોય તો, બીજમાં ફેર પડી જાય ને ? પછી સરખું પરિણામ કેવી રીતે પામે ?

**દાદાશ્રી :** આપણે અહીં તો બીજનો વાંધો નથી. અહીં આગળ તો તમારે વિનયપૂર્વક મને કહેવું કે 'સાહેબ, મારું કલ્યાણ કરો.' અહીં પરમ વિનયથી મોક્ષ છે.

આ પાંચમા આરાનો પૌદ્ગલિક સડો છે, આ કોઈ દહાડો 'રિપેર' થાય નહીં. આમથી રિપેર કરો તો તેમથી તૂટશે ને તેમથી 'રિપેર' કરો તો આમથી તૂટશે. એના કરતાં 'અક્રમ વિજ્ઞાન' એ અંદરથી ચોખ્ખું કરી નાખે અને તમને છૂટા રાખે.

## જ્ઞાન જ ઉત્પન્ન કરે પરમ વિનય

જગત આખું બાહ્યાચાર ઉપર બેઠું છે. બાહ્યાચાર એ 'ઈફેક્ટ' છે, 'કૉઝિઝ' નથી. 'કૉઝિઝ' અમે ઊડાડી મૂકીએ છીએ. પછી 'ઈફેક્ટ' તો એની મેળે ધોવાઈ જશે.

**પ્રશ્નકર્તા :** પરમ વિનય એ આચાર ખરો ?

**દાદાશ્રી :** પરમ વિનય તો એની મેળે ઉત્પન્ન થાય. આ 'જ્ઞાન' જ ઉત્પન્ન કરે છે. જેમ છોકરાંને આ શીશી 'પોઈઝન'ની છે અને 'પોઈઝન' એટલે શું એવું સમજાવવામાં આવે પછી એ એને અડતો નથી. એવી રીતે આ જ્ઞાન અવિનય છોડાવે છે ને પરમ વિનય ઉત્પન્ન કરાવે છે. તમારે પરમ વિનયમાં રહેવાનું નથી પણ...

**પ્રશ્નકર્તા :** રહેવાઈ જાય.

**દાદાશ્રી :** હા, એની મેળે જ પરમ વિનયમાં રહેવાય.

## આજ્ઞામાં રહેવું એ જ પરમ વિનય

**પ્રશ્નકર્તા :** જ્ઞાન પામ્યા પછી મહાત્માઓની પ્રગતિની સ્પીડ શેના ઉપર આધાર રાખે છે ? શું કરે તો વહેલી ઝડપી પ્રગતિ થાય ?

**દાદાશ્રી :** પાંચ આજ્ઞાઓ પાળે તો બધું ઝડપી ને પાંચ આજ્ઞા જ એનું એ કારણ છે. પાંચ આજ્ઞા પાળે એટલે આવરણ તૂટતું જાય ને શક્તિઓ પ્રગટ થતી જાય. તે અવ્યક્ત શક્તિ છે, એ વ્યક્ત થતી જાય. પાંચ આજ્ઞા પાળવાથી ઐશ્વર્ય વ્યક્ત થાય. બધી જાત જાતની શક્તિઓ પ્રગટ થાય. આજ્ઞા પાળવા ઉપર આધાર છે. અમારી આજ્ઞાને સિન્સિયર રહેવું એ તો મોટામાં મોટો, મુખ્ય ગુણ કહેવાય.

અમારી આજ્ઞામાં જેમ વિશેષ રહે, તેને પરિણામ સારું રહે. એને અમારો રાજીપો પ્રાપ્ત થઈ જાય. તમે જેમ જેમ અમારી આજ્ઞામાં રહી ઊંચા આવતા જશો, તેમ તેમ તમારી પર અમારો રાજીપો વધશે.

પાંચ આજ્ઞામાં નિરંતર રહેવું છે એ ભાવ, એટલો જ અંદર રહેવો જોઈએ. બીજી કોઈ કૃપા કંઈથી આપવા-કરવાની છે નહીં. ત્યારે કંઈ પગ દબાવે તેની પર કૃપા વધારે ઉતરે ને ના દબાવે તેની પર ઓછી ઉતરે, એવું કશું છે નહીં. એ ભાવ અને પરમ વિનય, એટલું જ આપણે સમજવાનું છે.

## નિરંતર આત્મભાવ એ પરમ વિનય

**પ્રશ્નકર્તા :** તો હવે મહાત્માઓએ પરમ વિનયમાં કેવી રીતે જીવાય ? આપણે એની કઈ રીતે પ્રેક્ટિસ કરીએ ?

**દાદાશ્રી :** આપણા બધા મહાત્માઓ જે છે, એ (નિશ્ચયથી) વિનયમાં છે અને અમે પરમ વિનયમાં છીએ.

**પ્રશ્નકર્તા :** તો પછી પરમ વિનયના ભાવ મહાત્માઓને કેવી રીતે આવે ?

**દાદાશ્રી :** નિરંતર આત્મામાં રહેવું એ પરમ વિનય. પછી જેટલું ઓછું થાય એટલે એમ કરતા કરતા વિનય. વિનયમાં આવે તો મોક્ષ થાય. વિનયમાંથી પરમ વિનયમાં જાય એટલે સંપૂર્ણ મોક્ષ.

હવે આ બહારનો વિનય એ વિનય નહીં. આ આપણો વિનય, જ્યારે બહારનો વિનય એ વિવેક કહેવાય છે, વિવેક સારાસારનો. આ હિતકારી અને આ અહિતકારી, એ વિવેક કહેવાય.

**પ્રશ્નકર્તા :** તો પછી વિનય એટલે ?

**દાદાશ્રી :** આપણું આ જ્ઞાન પ્રાપ્ત કરે અને એ બોલે નહીં કે 'હું (ચંદુ) જ છું.' એવું ના બોલે ત્યારે વિનય થયો.

**પ્રશ્નકર્તા :** એટલે ઉપયોગમાં રહેવું એ વિનય ?

**દાદાશ્રી :** 'હું શુદ્ધાત્મા જ છું' એ વિનય થયો અને 'હું ચંદુભાઈ* જ છું' એ વિનય નહીં.

**પ્રશ્નકર્તા :** એમાં પણ 'હું શુદ્ધાત્મા છું' એમ તો માનીએ ને આપણે ?

* ચંદુભાઈની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

**દાદાશ્રી :** જે ભ્રાંતિ તૂટી, કે 'હું (ચંદુ) છું' એ તૂટ્યું અને 'હું શુદ્ધાત્મા છું' એ આવ્યું, ત્યારથી વિનય મંદિરમાં પેઠો. ત્યાંથી પરમ વિનયમાં જાય ત્યાર પછી મુક્તિ. આ અમારું પદ પરમ વિનયનું કહેવાય.

**પ્રશ્નકર્તા :** એટલે આપણે એમ કહીએ છીએ ને, આપ્તવાણીમાં કે પરમ વિનય એ ભાવ. એટલે અમે વિનયમાં હોવા છતાં, અમારો ભાવ પરમ વિનયમાં જ પરિણમવાનો ?

**દાદાશ્રી :** એ હોય જ, પરમ વિનયમાં જ ભાવ હોય પણ ભાવ જ્યારે પરિણામ પામે ને પરમ વિનય થાય ત્યારે ભાવ છે તે કેવળજ્ઞાનમાં હોય. એટલે મુક્તદશામાં ભાવ આગળ આગળ ચાલ્યા કરે અને પરિણામ પાછળ ચાલે.

## જેટલું ડેવલપમેન્ટ એટલો વિનય

**પ્રશ્નકર્તા :** વિનય એ પહેલો, પ્રાથમિક એન્ટરન્સ (દરવાજો) છે, જ્ઞાનીની પાસે આવવા માટેનું અને જ્ઞાન પામવા માટેની પહેલી પૂર્વભૂમિકા છે ?

**દાદાશ્રી :** વિનયથી જ ! બધી ભૂમિકા જ વિનયથી છે.

**પ્રશ્નકર્તા :** એટલે વિનયથી શરૂ થાય છે.

**દાદાશ્રી :** વિનયથી જ આ ભૂમિકા પ્રાપ્ત થાય. આપણો આ અક્રમ માર્ગ છે ને, તે બધા ગમે તે પેસી ગયેલા. અહીં આગળ તો કહીએ કે તમે આવો, તમે તમારા પુણ્ય છે તો મને ભેગા થશો. એટલે આમાં વિનયવાળા કે અવિનયવાળા બધા પેસી ગયેલા.

**પ્રશ્નકર્તા :** આ બધા આ લોકોના પેસી ગયા પછી અમારામાં વિનય આવશે કે નહીં પાછો ?

**દાદાશ્રી :** તે કામ થઈ ગયું ને ! પછી આવી ગયો ને વિનય ! વિનય આવી ગયો. પણ પેલું ડેવલપ થયેલું નથી એટલે (ના વિનયવાળાનો) ઝળકાટ ના આવે પછી, અજવાળું ના લાગે અને આમનો (વિનયવાળાનો) દીપી ઊઠે. એ જેટલું જેટલું ડેવલપમેન્ટ છે ને, એ પ્રમાણે વિનય હોય.

**પ્રશ્નકર્તા :** એટલે એ વિનયનો પણ વિકાસ થાય છે ?

**દાદાશ્રી :** વિનયને લીધે તો આ ડેવલપમેન્ટ કહેવાયું. આ વિનય મનુષ્યોનો વિકાસ ક્રમ કહેવાય ! એકલા વિનયના થર્મોમિટરથી જ આ માપ નીકળ્યું છે.

## અવિનય-વિનયની ભેદરેખા

**પ્રશ્નકર્તા :** આત્માનો વિનય પ્રગટ થતો નથી અને પ્રગટ થાય તો ટકતો નથી.

**દાદાશ્રી :** શેને વિનય કહો છો તમે ? તમે તમારી કઈ ભાષામાં સમજો છો વિનય ?

**પ્રશ્નકર્તા :** આત્માનો વિનય, જે મોક્ષમાર્ગે લઈ જાય તે.

**દાદાશ્રી :** આત્માનો તો વિનય કરવાની જરૂર જ નથી ને ! આ વિનય તો તમારા જે પહેલાના જ્ઞાનના આધારે ભરેલો છે ને, એ વિનય ડિસ્ચાર્જમાં નીકળ્યા કરવાનો. આપણે ભાવ રાખવો કે ચંદુભાઈ વિનયમાં રહો, બરોબર વિનયમાં રહો, એવું કહેવું બસ એટલું જ. અને અવિનય કોને કહેવાય છે ? વિનય તો અવિનયમાં ના આવીએ ને, એ બધો વિનય જ છે. પછી વિનયમાં આમ આમ કરવું, સાહેબ, આમ આમ કરે (વંદન કરવા, પગે લાગવું), એને કંઈ વિનય કહેવાતો નથી. એ તો ધર્મ સ્થાનકમાં ઘણો થયા જ કરે છે ને ! ક્યાં નથી કરતા ? અવિનય ન થાય સહેજેય. અપરાધ ન થાય, અવિનય ના થાય, એ વિનય. કોઈને કિંચિત્‌માત્ર દુઃખ ના થાય, એ વિનય. પછી બીજો

કયો વિનય આપણે જોઈએ છે ? પેલા વિનયો તો લૌકિક વિનયો છે, આમ આમ કરે તે ! સાહેબ... આમ વાંદે ને તેમ વાંદે એ બધા લૌકિક વિનય છે. એ છે તે લોકમાં પુણ્યૈના દડિયા બાંધવાના વિનયો છે. તમારે એવા વિનય શીખવા છે હજુ ?

**પ્રશ્નકર્તા :** એ તો કરોડો વર્ષોથી ચાલે છે.

**દાદાશ્રી :** અનંત અવતારથી ચાલ્યા જ કરે છે ને ! હવે વિનય કેવો જોઈએ આપણે ? અવિનય કિંચિત્‌માત્ર ના થાય, એવો ભાવ મજબૂત રાખવો અને બીજું શું કે જ્ઞાનીનો તો અવિનય કોઈ કરે જ નહીં. પણ જ્ઞાનીના ફોલોઅર્સ, એમના જોડે બેઠા હોય તેનોયે અવિનય ના થાય. એ બધા જ્ઞાની જ છે. જ્ઞાની અભેદસ્વરૂપે રહેવાથી બધા એક જ સ્વરૂપ છે આ. કો'ક અવિનય કરતો હોય તો એની ભૂલ, એ જવાબદાર. એની જવાબદારી, આપણે જવાબદારી ના લેવી. અવિનય ના હોવો જોઈએ. તે તો તમારામાં મૂળથી જ ગુણ હોય, જન્મથી જ એ ગુણ હોય તમારામાં તો. તમારે શીખવાનું હોય જ નહીં. પેલું ના આવડે, આમ આમ. વાંદવાનું એ તો આપણે અહીં જરૂર નથી. ત્યાં ભાંજગડ છે ! ધર્મ સ્થાનકમાં ભાંજગડો છે બધી અને અહીં ભાંજગડ નહીં ! તે લૌકિક છે બધું. અહીં લૌકિકની કોઈ ચીજની જરૂર નહીં. અહીં તો બધી અલૌકિક ચીજો અને કાયદો નહીં. તમે વહેલા આવો, મોડા આવો, જ્યાં બેસો, આમ ઊંચા બેસો, આમ બેસો, તેમ બેસો, કશું જ નહીં. આપણા અહીં તો જંપીને બેસો, બા. તમે જેવું અનુકૂળ આવે તેવી રીતે બેસો. અહીં સહજ થવાનું છે.

## કાયદા ત્યાં પરમ વિનય ના હોય

લોકો તો આવીને કહે, 'દાદા, આ કાયદો કરો.' મેં કહ્યું, 'ભઈ, કાયદો કરીશ, પાછો બીજો કાયદો કરવો પડશે. એના પછી ત્રીજો કાયદો કરવો પડશે, ચોથો કાયદો કરવો પડશે.' આ તો અનંત અવતારના મારા અનુભવની શોધખોળ છે. એ અનુભવના આધારે જ મૂકેલી છે આ શોધખોળ. આ આવો સંઘ હોય નહીં વર્લ્ડમાં.

એક લાખ માણસ ભેગું થાય તો પણ આપણે તો નો લૉ છે. એટલે કોઈ કાયદો નહીં. એટલે કાયદા વગરનું સામ્રાજ્ય કેવું હશે ! એટલે અમારે ત્યાં તો સહેજેય અવાજ ના થાય. આપણું દસ હજાર માણસ બેઠું હોય જમવા તો અવાજ સરખો ના થાય. અહીં પોલંપોલ ચાલે નહીં.

(ધીસ ઈઝ ધ કેશ બેંક ઓફ ડિવાઈન સોલ્યુશન.) (દિવ્ય ઉકેલની આ રોકડી બેંક છે.) જ્યાં વાદ-વિવાદ ના હોય, ડખો ના હોય, જ્યાં કાયદા ના હોય. કાયદા હોય ત્યાં પરમ વિનય સચવાય નહીં અને આપણે કાયદાના બંધનમાં રહેવું પડે. આપણે તો 'વ્યવસ્થિત' કરે તેને જોયા કરનારા, બીજું આપણને ક્યાં પોસાય ?

## વિનયથી મોક્ષમાર્ગ, પરમ વિનયથી મોક્ષ

આપણે અહીં સત્સંગમાં આટલા બધા માણસો આવે, પણ અહીં 'પરમ વિનય'ને લઈને કાયદા વગર બધું ચાલે. 'પરમ વિનય' છે, માટે કાયદાની જરૂર પડી નથી.

આ આટલા બધા માણસોમાં લૉ શું છે ? નો લૉ લૉ ! કોઈ આમ બેઠું, કોઈ આવું બેઠું, કોઈ આવું બેઠું પણ એક જ વાક્ય પરમ વિનય ! આ બધા માણસો (મહાત્માઓ) પરમ વિનયમાં હોય. વિનયથી મોક્ષમાર્ગ મળે અને પરમ વિનયથી મોક્ષ. તે અહીં પરમ વિનય, પહેલામાં પહેલું આ લોકોને પરમ વિનય ! તેમાં જેટલું રહ્યું, અને તે પરમ વિનય ના રહે તો વિનય તો હોય જ.

આ તો 'સાયન્ટિફિક' વિજ્ઞાન છે. કેટલાક તો મને કહે છે, 'કાયદા કરો, આમ કરો, તેમ કરો.' અલ્યા, કઈ જાતના માણસ છો, તે તમને

આવું વિજ્ઞાન મળ્યું તોય તમે ડાહ્યા ના થયા ? કેવું વિજ્ઞાન ! સહેજેય અથડામણ ના થાય એવું.

**પ્રશ્નકર્તા :** કાયદાઓ કરીને જ અત્યાર સુધી લોકોને ડાહ્યા કરવાનો રસ્તો હતો.

**દાદાશ્રી :** હા, લોકોને માટે બરોબર છે પણ આપણે તો મોક્ષમાર્ગે જવું છે. લોકોને તો સંસારમાં ભટકવું છે, એમને કાયદો જોઈએ. બાકી, કાયદાથી તો અથડામણ થાય ને અથડામણથી પાછો સંસાર ઊભો થાય.

**પ્રશ્નકર્તા :** મોક્ષમાર્ગે જવામાંય કાયદા બતાવ્યા છે ?

**દાદાશ્રી :** મોક્ષમાર્ગે જવામાં કાયદો ના હોય. અને અહીં તો કાયદો કે કશુંય નહીં, સહેજાસહેજ ! સહજ પ્રમાણે જે બને એ ખરું.

## સર્વાંશ પરમ વિનયની પરિભાષા

**દાદાશ્રી :** આ પરમ વિનયવાળો માર્ગ છે. પરમ વિનય એટલે શું ? કિંચિત્‌માત્ર હરકત ના કરે. ઊલટું તમને અહીં આગળ બેસવાની જગ્યા કરી આપે. પોતે ઊભો થઈને બીજા જણને જગ્યા આપે. મનમાંય પણ ખરાબ વિચાર કોઈને માટે નહીં. આપણને આમ કૂણી વાગી જાય તોયે એના માટે વિચાર ખરાબ નહીં. મન બગડેલું ના હોય, વાણી બગડેલી ના હોય અને વર્તન બગડેલું ના હોય એ પરમ વિનય. એવું તો ફિટ થવું જ પડશે ને ?

**પ્રશ્નકર્તા :** હા. દાદા, તો પછી તો આપણા મહાત્માઓની અંદર એમનું મન જે છે તે સુધરેલું હોય છે, વાણી થોડી ઓછી સુધરેલી હોય છે અને વર્તન જે છે તે ડિસ્ચાર્જ ગણીએ છીએ એ સુધરેલું હોતું નથી, તો એ પરમ વિનયમાં ના કહેવાય ?

**દાદાશ્રી :** ના કહેવાય. પરમ વિનય તો છેલ્લા અવતારમાં, છેલ્લી દશામાં આવશે. અત્યારે પરમ વિનયનો ભાવ રાખવાનો આપણે. જેટલા અંશે થયો એટલા અંશ ખરા, પણ સર્વાંશ નહીં. પરમ વિનયની શરૂઆત થઈ ગઈ છે પણ જેટલા અંશે થાય એટલા અંશે, સર્વાંશ ના કહેવાય.

એટલે જેટલા પરમ વિનયી છો એટલો તમને બોજો ઓછો થઈ ગયો. એટલી વાણી સુધરેલી હોય, એટલું મનેય સુધરેલું હોય અને વર્તનેય સુધરેલું હોય.

**પ્રશ્નકર્તા :** આ મનની ચોખ્ખાઈ, વચનની ચોખ્ખાઈ અને વર્તનની ચોખ્ખાઈ, એ બધી હોય તો પરમ વિનય. એ ચોખ્ખાઈ એટલે શું ? બગડેલો ભાગ ના હોય ?

**દાદાશ્રી :** મન બગડેલું ના હોય, અને બગડેલું એટલે શું ? જે મનથી કોઈને દુઃખ દેવાના વિચારો ના આવે, બીજા કોઈને ત્રાસ આપવાના વિચાર ના આવે, ક્લિયર (ચોખ્ખું) હોય.

**પ્રશ્નકર્તા :** અને એની વાણી પણ એવી નીકળતી હોય.

**દાદાશ્રી :** હા, વાણી પણ એવી નીકળે.

**પ્રશ્નકર્તા :** અને એનું વર્તન પણ એવું હોય કે કોઈને સહેજ પણ દુઃખ ન થાય.

**દાદાશ્રી :** હા, દુઃખ ન થાય.

**પ્રશ્નકર્તા :** એ પરમ વિનય ?

**દાદાશ્રી :** હા.

આ 'દાદા' બહુ પાકા માણસ છે, નહીં તો આવડો મોટો સંઘ ચલાવી લે ? ચલાવી શકે ? નહીં તો રોજ વઢવાડો થાય. પણ આ તો કાયદા વગર, વગર કાયદે જુઓ ને ! 'નો લૉ લૉ !' ચાલે જ છે ને પણ ! તે વિનયમાં, જો પરમ વિનય હોય તો જ ત્યાં દાદા ખુશ !

## વિનય ચૂકે થાય અશાતના

**પ્રશ્નકર્તા :** ઘણીવાર એવો ડર લાગે કે જ્ઞાની પુરુષની આપણાથી કંઈક અશાતના ન થઈ જાય ?

**દાદાશ્રી :** જ્ઞાની પુરુષની સહેજ અશાતના થાય તો ભયંકર દોષો બંધાય ને જ્ઞાનાવરણ બંધાય, એટલું જ નહીં પણ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય બધાંય કર્મો બંધાઈ જાય.

પણ અત્યારે તો લોક અશાતના શબ્દ જ સમજતાં નથી. બોલે ખરાં અશાતના, પણ તેનો ભાવાર્થ શું છે, એ ના સમજાય ને !

**પ્રશ્નકર્તા :** અશાતના ક્યારે થઈ કહેવાય ?

**દાદાશ્રી :** વિનય ચૂક્યો કે અશાતના થઈ. એટલે આપણે પુસ્તકમાં અશાતના શબ્દ નથી લખતા ને ! આપણે શું કહીએ છીએ કે 'પરમ વિનય રાખો.' આપણે આમ કાનપટ્ટી નથી પકડાવતા. 'અશાતના ના કરશો' એવું નથી કહેતા આપણે, પણ 'પરમ વિનય રાખો' એવું કહીએ છીએ. પરમ વિનય એ જ મોક્ષનું સાધન. 'પરમ વિનય'માં અશાતના કોઈ દહાડોય હોય જ નહીં.

અવિનય, અશાતના અને અપરાધ, આ ત્રણ વસ્તુ જ દરેકને અંતરાયરૂપ થઈ પડે છે અને પરમ વિનયથી આ ત્રણ વસ્તુ નાશ પામે છે.

## ફેર, અવિનય ને વિરાધનામાં

**પ્રશ્નકર્તા :** આ તમને પ્રશ્નો પૂછવામાં કોઈ ઠેકાણે અવિનય થતો હોય, અંતરમાં એવો અવિનય કરવાનો કોઈ ભાવ ના હોય, છતાંય બોલવા-ચાલવામાં અવિનય થઈ જતો હોય, તો તે અમે વિરાધના તો નથી કરતા ને ?

**દાદાશ્રી :** વાત કરતા તમે વિરાધક થાઓ તો અમે વાત બંધ કરી દઈએ. કારણ અમે જાણીએ કે આ તો અવળે રસ્તે ચાલ્યું.

**પ્રશ્નકર્તા :** પણ અમારાથી તમારી વિરાધના થઈ જાય તો ?

**દાદાશ્રી :** અમારી વિરાધના કરવાના તમારામાં પરમાણુઓ જ ના હોય. એવી તો અમને શંકા જ ઉત્પન્ન ના થાય. આખો દહાડો જેની આરાધના કરતા હો, તેની વિરાધના હોય જ નહીં ને ! 'દાદા'ની આરાધના કરી એ જ 'શુદ્ધાત્મા'ની આરાધના કર્યા બરાબર છે અને એ જ પરમાત્માની આરાધના છે અને એ જ મોક્ષનું કારણ છે.

**પ્રશ્નકર્તા :** અવિનય અને વિરાધના વિશે જરા વધારે સમજાવો.

**દાદાશ્રી :** અવિનય એ વિરાધના ના ગણાય. અવિનય એ તો નીચલું સ્ટેજ છે અને વિરાધના તો પદ્ધતિસર સામો થયો કહેવાય. અવિનય એટલે મારે કંઈ લેવા-દેવા નહીં એવું. 'વિનય' ના કરે, તેનું નામ અવિનય. તે વિનય તો માણસ નાય કરે, જગત આખુંય ના કરે.

'જ્ઞાની પુરુષ' તમારા અવિનયની નોંધ ના કરે. તમારે સમજી લેવાનું કે મારે શું વિનય કરવો ને શું નહીં ? તમારી ભૂલ થાય એવું અમે જાણીએ અને આ દુષમકાળમાં અવિનયની તો નોંધ જ ના થાય ને ? ચોથા આરામાં અવિનયની નોંધ કરવી પડે, અત્યારે તો 'લેટ ગો' કરવું પડે. ઊલટું, અવિનય કરે તેને આશીર્વાદ આપવો પડે !

**પ્રશ્નકર્તા :** જે અવિનય ખબર ન પડે, તો તે નડે ખરો ?

**દાદાશ્રી :** હા, નડ્યા વગર તો રહે જ નહીં ને.

**પ્રશ્નકર્તા :** હવે પણ એમાંથી છૂટાય કેવી રીતે, દાદા ? એની ખબર તો પડતી નહીં હોય.

**દાદાશ્રી :** અવિનય ન ખબર પડે તેય નડ્યા વગર રહે નહીં ને. વિનય ન ખબર પડે તેય નડ્યા વગર રહે નહીં. વિનયેય નડે.

**પ્રશ્નકર્તા :** વિનય નડે, દાદા ?

**દાદાશ્રી :** નડે એટલે આનંદ કરાવડાવે.

**પ્રશ્નકર્તા :** હા, બરાબર છે. વિનયનું ફળ વિનય આવે, અવિનય અવિનયનું....

**દાદાશ્રી :** ફળ તો આપે જ ને ! ખબર ના પડે માટે કંઈ ઓછું જતું રહે ? ખબર ના પડી ને હાથ દેવતામાં પડે, તો દેવતા ફળ આપ્યા વગર રહે ? આપણે કહીએ, મને ખબર ન્હોતી, તો દેવતા શું કહે ?

**પ્રશ્નકર્તા :** હું જાણું નહીં, મારો સ્વભાવ છે એ તો ફળ આપવાનો.

**દાદાશ્રી :** તરત ફળ આપે.

**પ્રશ્નકર્તા :** એ વિનય શીખવો કેવી રીતે ? કોણ શિખવાડે ?

**દાદાશ્રી :** શિખવાડવાની એને જરૂર જ ક્યાં રહી ? આત્મામાં બધી શક્તિ છે, જે આત્મા આપ્યો છે તમને, બધી શક્તિ છે (એમાં).

વિનય તો મોક્ષમાર્ગમાં મુખ્ય વસ્તુ છે. અમારી પાસે અવિનય કરો તેનો અમને વાંધો નથી, પણ તમે તમારી જાત ઉપર અંતરાય પાડી રહ્યા છો. તમે અમને ગાળો ભાંડો છો, તે તમે પોતાની જાતને જ નુકસાન કરી રહ્યા છો. અહીં તો બહુ વિનય જોઈએ, પરમ વિનય જોઈએ ! અહીં અક્ષરેય આડુંઅવળું બોલાય નહીં. હમણાં પેલા મામલતદાર પાસે ગયા હોય તો તે ઘડીએ ચૂપ થઈને બેસી રહે, ત્યાં કેવા, અક્ષરેય બોલે નહીં ! અને આ તો જ્ઞાની પુરુષ ! એમની પાસે તો બોલાતું હશે ? જ્ઞાની પુરુષ તો દેહધારી પરમાત્મા કહેવાય ! (એવા) 'જ્ઞાની પુરુષ' માટે એક અવળો વિચાર પણ ના આવવો જોઇએ.

## સમજી લો પરમ વિનયનો અર્થ

અહીં આગળ તો બહુ ડાહ્યા રહેવાનું. 'પરમ વિનય' શબ્દ કહ્યો એનો અર્થ એટલો સમજી જવાનો કે વગર કામનું કશું બોલવા-ચાલવાનું નહીં. કામનું હોય તો બોલવું. પોતાનું ડહાપણ કે પોતાની અક્કલ અહીં ઉઘાડી કરવાની નહીં. તમારી અક્કલો બધી નકલ કરેલી છે, દરઅસલ નથી. એટલે લોકોનું જોઈને શીખ્યા, ચોપડીઓનું શીખ્યા ! અને પાછાં ચડસે ચઢે, તે અટકતાંય નથી. અલ્યા, ચડસે ચઢે ત્યારે તમને ખબર નથી કે આ ચડસે ચઢી રહ્યું છે ! ચડસે ચઢવું એટલે પોતાનું સ્થાન છોડીને નીચે પડવું !

અમે તો બધું કહી દઈએ, જેમ છે તેમ. પછી જક્કે ચઢે ત્યારે અમે જાણીએ કે બહુ ભયંકર અજ્ઞાનતા છે, એ પોતાનું અહિત જ કરી રહ્યો છે. એટલે બોલીએ નહીં પછી, અમે મૌન રહીએ. જક્કે ચઢે એટલે એને દેખાતી જ નથી ને, મારી વાત ? દેખાય તો જક્કે ચઢે ?

## કઠણ શબ્દોમાં સંપૂર્ણ વીતરાગતા

આપણે તો સામાને પાછો ફેરવવા માટે આવ્યા છીએ. મારે દુનિયામાં કશું જોઈતું નથી. આ તો ક્યાંય ઊંધે રસ્તે ચાલ્યો જાય છે ને તેના આટલા બધાં દુઃખો પડે છે ! ઊંધે રસ્તે ચાલવાનું ને પાછા જવાબદારી લે છે ! દુઃખ ના પડતા હોય તો તો વાત જુદી છે. સુખ પડીને ઊંધે રસ્તે જતો હોય તો વાત જુદી છે. આ તો દુઃખ આટલા સહન કરે છે ને ઊંધા રસ્તેની જવાબદારી લે છે. એટલે અમને કરુણા આવે છે કે આ ક્યાં તું ઊંધે રસ્તે ચાલ્યો જાય છે !

જે રોગ હોય એ 'જ્ઞાની પુરુષ' દેખાડે, બીજો કોઈ દોષ ના દેખાડે. કારણ કે એમને પેલાનો રોગ મટાડવો છે. ડૉક્ટર દર્દીનો રોગ વધારે કે મટાડે ? અને અમે આ ક્યાં અમારા સારુ કહીએ છીએ ? આ તો તમારા માટે 'સ્પેશિયલી' અને તેય વીતરાગતાથી કહીએ છીએ. શબ્દ કઠણ ના હોય તો રોગ નીકળે નહીં. કઠણ શબ્દ વગર રોગ નીકળે નહીં. રોગ શેનાથી નીકળે ? કઠણ શબ્દો અને વીતરાગતા ! શબ્દો કઠણ કેવા, તે આમ સાંધા તોડી નાખે એવા કઠણ અને છતાં સંપૂર્ણ વીતરાગતા !

## આધીનતાથી જ્ઞાની ચરણે મોક્ષપ્રાપ્તિ

આ અહંકારે તો દાટ વાળ્યો છે, બીજું કશું જ નથી. જ્ઞાનીને આધીન રહે તો ઉકેલ આવે. ડાહ્યો અહંકાર પોતાનું ડહાપણ ના ઘાલે, જ્યારે ગાંડો અહંકાર તો ખોતરે ! એટલે કાં તો વાતને સમજવી પડે ને કાં તો જ્ઞાનીને આધીન રહેવું પડે ! આધીનતા એટલે સંપૂર્ણ નિર્અહંકારતા. હવે એક ભવ આધીનતાથી કાઢવો.

**પ્રશ્નકર્તા :** આધીનતાથી તો સારું ને, કંઈ ઉપાધિ તો નહીં.

**દાદાશ્રી :** હા, ઉપાધિ નહીં. બધા આધીનતાથી જ કાઢે, પણ કો'કનું મહીં મૂળિયું વાંકું હોય તે વેષ ભજવીને ઊભો રહે પાછો, જુદી દંડુકી વગાડે !

સ્વચ્છંદ જાય તો પોતાનું કલ્યાણ પોતે કરી શકે. પણ સ્વચ્છંદ જાતે કાઢવા જાય તો નીકળે નહીં ને ! સ્વચ્છંદને ઓળખવું પડશે ને ! કૃપાળુદેવે (શ્રીમદ્ રાજચંદ્રે) કહ્યું હતું કે 'સજીવન મૂર્તિના લક્ષ સિવાય જે કંઇ પણ કરવામાં આવે છે, તે જીવને બંધનકર્તા છે, તે અમારું હૃદય છે. જે કંઇ પણ કરે તે બંધન છે, એ જ સ્વચ્છંદ છે. તું જે કંઇ કરે છે તે સ્વચ્છંદ જ છે. એક વાળ જેટલું કરે તોય સ્વચ્છંદ જ છે. વ્યાખ્યાને જાય કે સાધુ બની જાય, તપ-ત્યાગ કરી શાસ્ત્ર વાંચે તે બધું જ સ્વચ્છંદ છે. તું જે જે ક્રિયા કરે છે તે જ્ઞાની પુરુષને પૂછીને કરવાની, નહીં તો તે સ્વચ્છંદ ક્રિયા કહેવાય. એનાથી તો બંધનમાં પડાય.

સ્વચ્છંદ નામનો દોષ જાય, પછી દાદાના છંદમાં બેસે. સ્વચ્છંદ જાય તો સ્વરૂપજ્ઞાન થાય. સ્વચ્છંદ ઓછો હોય, એ માણસ કેવો હોય ? જેમ વાળો તેમ વળી જાય તેવો, ફ્લેક્સિબલ હોય. તેમને મોક્ષમાર્ગ મળી જાય. સ્વચ્છંદીને વાળો તેમ ના વળે.

સ્વમતિએ ન ચલાય તેવું આ જગત છે. પોતાનાથી બે-પાંચ અંશ મોટા એવાને ખોળી કાઢીને ચાલજે. ક્યાં સુધી ? જ્યાં સુધી જ્ઞાની પુરુષ નથી મળ્યા ત્યાં સુધી. 'બીજું કંઈ શોધ મા, માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.' એવું શ્રીમદ્ રાજચંદ્ર કહેતા'તા.

એટલે મોક્ષ જોઈતો હોય તો છેવટે જ્ઞાની પાસે જ જવું પડશે. એક કલાકમાં અમે તને ભગવાનપદ આપી શકીએ તેમ છીએ ! પણ તારી સંપૂર્ણ તૈયારી જોઈએ.

## જ્ઞાનીનો અવિનય કરવો એ મોટું જોખમ

અહીં તો પરમ વિનય ધર્મ હોવો જોઈએ. અહીં ચકાસવાવાળા આવે તે એમને કહી દઉં, તમે પછી એકલા આવજો. નહીં તો એ બુદ્ધિ પર ચઢી જાય એટલે શું થાય ? અમારી પાસે બુદ્ધિ હોય જ નહીં. અમે બધા જ પ્રશ્નોના, આખા વર્લ્ડના પ્રશ્નોના ખુલાસા આપવા તૈયાર છીએ, પણ પ્રશ્નો પ્રશ્ન રૂપે હોવા જોઈએ. તમને જે

પ્રશ્નના ખુલાસાનો અભાવ હોય, તેને પ્રશ્ન કહેવામાં આવે છે.

**પ્રશ્નકર્તા :** કોઈ ગમે એટલા પ્રશ્નો દાદાને પૂછે, દાદાનું અપમાન કરવા જાય કે આમ તોડી નાખે એવા બધા પ્રશ્નો હોય તો પણ દાદા તો એ જ રીતે, એ જ મુક્ત હાસ્ય સાથે હોય.

**દાદાશ્રી :** નહીં, કોઈ દહાડો નહીં, સહેજે તરછોડ ના મારું.

**પ્રશ્નકર્તા :** એને ઊલટાં એમ કહે કે તને નથી સમજાતું ? જ્યાં સુધી એનું સમાધાન ના થાય, એનો કષાય જાય નહીં ત્યાં સુધી દાદા ના છોડે.

**દાદાશ્રી :** ના, પેલાની જોખમદારી નથી, જ્ઞાનીની જોખમદારી છે. પેલો તો બિચારો અણસમજણવાળો છે, એ ગમે તેવું બોલે. જ્ઞાનીથી એવું ના બોલાય.

તમે ઊંધું બોલો તોય મારે છતું બોલવું પડે. તમે અવિનય કરો તોય મારે વિનય કરવો પડે. કારણ કે હું રિસ્પોન્સિબલ (જવાબદાર) છું. અને તમે ઈરિસ્પોન્સિબલ (બેજવાબદાર) હો એ હું સમજી શકું. કારણ કે એમને જવાબદારીનો ખ્યાલ નથી અને મને જવાબદારી છે. આ બધા વાંકા થાય, પણ મારાથી વાંકું થવાય ? હું બધાને કહું છું, ને તમે અવિનય કરશો તો ચાલશે પણ મારાથી અવિનય ના કરાય.

તમે છે તે અવિનય કરશો પણ છતાં હું વિનયમાં જ રહીશ. તમે તો અવિનય કરો જ. તમને જો વિનય હોત તો તમે અવિનય કરો જ નહીં. અને બીજો જો અવિનય કરતો હોય વિનય સમજીને, તો તો એની જોખમદારી છે. એય આપણે એને સમજાવીએ કે 'ભઈ, આવો અવિનય કરવાની જરૂર નથી, બેસ. જ્ઞાનીનો અવિનય કરવો એ બહુ મોટું જોખમ છે. એટલે અમે અહીંથી છેલ્લે વારકું (વાર અથવા વખત) સમજાવીને મોકલીએ.

## ના થવો જોઈએ પરમ વિનયનો ઘાત

પરમ વિનય એ આપણો ધર્મ છે. અમે તો તમારા તાબામાં. તમે કહો કે 'દાદા, અહીં બેસી રહો' તો કહીએ, 'ચાલો, કાલે જઈશું.' અમારે એવું નથી કે અમારો તાબો જોઈએ છે. પણ પરમ વિનયનો ઘાત કર્યો, એ વિફર્યો કહેવાય. એનો ઘાત તો ન જ થવો જોઈએ. પરમ વિનયનો ઘાત કરવો અને આત્માનો ઘાત કરવો એ બે સરખું છે.

જ્ઞાની પુરુષનો પરમ વિનય જેને કોઈ દહાડો ચૂકાતો નથી એ ધ્યાનમાં જ હોય જ્ઞાની પુરુષના, કે આ પરમ વિનયમાંથી વિનયમાં કોઈ દહાડોય આવ્યો નથી. ત્યારે ત્યાં એમની કૃપા વિશેષ હોય. કારણ કે પરમ વિનયમાંથી વિનયમાં આવેલો માણસ ક્યારે અવિનયી થાય એ કહેવાય નહીં.

**પ્રશ્નકર્તા :** તો પછી એક પ્રશ્ન એ રહે ને, દાદા કહે કે 'બેસ', તો બેસી જવાનું ને 'ઊભો થા' કહે તો ઊભા થઈ જવાનું, એ બરોબર છે ?

**દાદાશ્રી :** હા, એવું જ, બસ, બસ. કો'ક વખત એવુંય બોલે, 'આવો, અમારી જોડે બેસો', એમ કહે તો તમારે કહેવું કે 'નીચે બેસું કે અહીં બેસું ?' ફરી પૂછવું. કારણ કે એ એમનો અસલ સ્વભાવ નીકળે વ્યવહારનો. એટલે આપણે ફરી પૂછવું પડે કે 'આપ કહો તો ઉપર બેસું, નહીં તો નીચે બેસું.' ત્યારે કહે, 'નીચે બેસો.' નહીં તો પછી કહેશે કે 'ઉપર બેસો' તો ઉપર બેસવુંય પડે.

## મોક્ષમાર્ગની ફોર્મ્યુલા

ભગવાને મોક્ષમાર્ગે જવા સુંદર પદ્ધતિસરનું મિક્ષ્ચર બનાવ્યું હતું. તે તેમણે બધાને માટે ખુલ્લું

કર્યું. તેમણે એ મિક્ષ્ચરની ફોર્મ્યુલા આપી હતી. આજે એ ફોર્મ્યુલા જ નષ્ટ થઈ ગઈ છે. કોઈનીય પાસે રહી નથી. આજે અમે તમને એ જ ફોર્મ્યુલા ફરીથી આપીએ છીએ.

એ મિક્ષ્ચરમાં ૨૦% 'શાસ્ત્રોના', ૭૦% 'જ્ઞાનીનો પરમ વિનય' અને ૧૦% 'સંસારી ભાવના' રાખજો અને પછી પીજો. ત્યારે લોકોએ શાસ્ત્રો જ પી પી કર્યા, તે મરડો થઈ ગયો. ભગવાને કહેલું, કે આ દવા દિવસના ત્રણ વખત હલાવીને પીજો. તે કેટલાકે તો દિવસમાં ત્રણ વખત હલાવ હલાવ જ કર્યા કર્યું ! અને કેટલાકે તો 'હલાવીને પીવી, હલાવીને પીવી' એમ બસ ગાયા જ કર્યું, ગાયા જ કર્યું !

## પ્રેમ અને પરમ વિનય પમાડશે પૂર્ણતા

આ 'દાદો' તો એવો પાક્યો છે કે જે કશાથી ખરીદાય તેવો છે જ નહીં, એક માત્ર પરમ વિનયથી જ ખરીદાય તેવો છે! વિનય અને પ્રેમ કોઈથી તરછોડાય તેમ નથી.

**પ્રશ્નકર્તા :** તમને જોઈએ ત્યારે થાય કે દાદા, તમે આવા છો, તમારામાં કેટલો પ્રેમ ભરેલો છે ! તો તીર્થંકરો ક્યાં ! મહાવિદેહ ક્ષેત્રમાં તો આનાથી શુંય હશે !

**દાદાશ્રી :** એ પ્રેમ આવો ના હોય. આ ખટપટિયો પ્રેમ, એ ખટપટિયો પ્રેમ ના હોય.

**પ્રશ્નકર્તા :** આપ જેવી રીતે સીમંધર સ્વામી જોડે વ્યવહાર રાખતા હોય એવું અમે દાદા જોડે કઈ રીતે વ્યવહાર રાખીએ કે ત્યાં પહોંચી જઈએ ?

**દાદાશ્રી :** આ રાખો છો તે જ વ્યવહાર, આવો પ્રેમ ને પરમ વિનય એ જ બસ, બીજું કશું જરૂર નથી.

## સંપૂર્ણ સમર્પણ એ જ પરમ વિનય

પરમ વિનય એટલે કે આ દાદા જ જ્ઞાની પુરુષ છે અને એ જ મને મોક્ષે લઈ જશે એમ ખાત્રીથી, નિશ્ચયથી માને તે પરમ વિનય કહેવાય.

પરમ વિનય એટલે સંપૂર્ણ સમર્પણ. જ્યાં પરમાત્મા વ્યક્ત થયા છે એવા 'જ્ઞાની પુરુષ'ને પૂરેપૂરા અર્પણ થઈ જવાનું હોય. ત્યાં આપણો આત્મા આત્મસ્વભાવમાં ને દેહ પરમ વિનયમાં હોય.

જ્ઞાની પુરુષનો પરમ વિનય કરીએ તેય પોતે પોતાના આત્માનો વિનય કર્યો કહેવાય, તેટલો આત્મા પ્રગટ થાય.

**પ્રશ્નકર્તા :** પરમ વિનય જેટલો જેટલો વધે, એટલી અંદરની હળવાશ વધે ?

**દાદાશ્રી :** અંદર શક્તિ વધે એટલી. એને આત્મવીર્ય કહેવાય છે, એ ધાતુ મિલાપ. 'હું શુદ્ધાત્મા છું' એ ભાવ શુદ્ધ ભાવ છે, એ જ પરમ વિનય છે.

**દાદાશ્રી :** પરમ વિનય એ પ્રજ્ઞા ભાગ છે. ભગવાનની જોડે ધાતુ મિલાપ થાય ત્યાં સુધી પોતાનો પરમ વિનય રહેવો જોઈએ.

જેનામાં જેટલો વિનય તેટલા ભગવાન પ્રાપ્ત થાય. જેનામાં પરમ વિનય આખો ઓગળી જાય (પોતે તે રૂપ થઈ જાય) તો તો આખા ભગવાન પ્રાપ્ત થાય. ભગવાનના સ્વભાવે (પોતાનો) સ્વભાવ થઈ જાય ત્યાં સુધી આપણે પરમ વિનય રાખવો જોઈએ.

જે તત્ત્વ મારામાં છે, એ જ તત્ત્વ તમારામાં છે. ખાલી વિજ્ઞાન જાણવાનું છે. જાણીને કૃપાપાત્ર થવાનું છે વિનયથી, પરમ વિનયથી. બસ, બીજું કશું કરવાનું નથી.

**- જય સચ્ચિદાનંદ**

## આજ્ઞા ચૂક્યા ત્યાં ચઢી બેસે પ્રકૃતિ

**પ્રશ્નકર્તા :** આપની પાસે આવ્યો, જ્ઞાન લીધું, એને નિરાકૂળતા તો ઉત્પન્ન થઈ જ જાય છે. પછી એ આજ્ઞામાં રહ્યો હોય તોય અને ના રહેતો હોયને તો પણ એની એટલી બધી મસ્તી હોય છે !

**દાદાશ્રી :** પણ, આજ્ઞામાં ના રહેતો હોયને, એને ધીમે ધીમે પ્રકૃતિ ચઢી બેસે પછી અને આજ્ઞામાં રહે એટલે પછી કોઈ એનું નામ ના લે. પેલું તો ખઈ જાય. દાદાની કૃપાથી એ ઘડીએ શાંતિ રહે, બીજું રહે, બે-બે વર્ષ, પાંચ-પાંચ વર્ષ સુધી રહે છે. પણ એનો અર્થ કશોય નહીં, ખઈ જાય પ્રકૃતિ. પ્રકૃતિ પોતાના સ્વરૂપ કરી નાખે, પાછી મારી-ઠોકીને. અને સહેલામાં સહેલી આજ્ઞા છે, કંઈ અઘરી નથી. અમે પાછી બધી છૂટ આપી છે. આજ્ઞા પાળી નિરાંતે જલેબી અને ભજીયા બન્ને ખાજે પછી. આથી વધારે શું ? ભાવતું ખાવાની છૂટ આપી છે. જો ત્યાં બંધન કર્યું હોય તો, બધી વાતમાં આ જ્ઞાનીનું બંધન આપણને શી રીતે પોષાય ? પણ સહેલી-સરળ આજ્ઞા છે. જેમ છે એમ જોવાનું, શું વાંધો ?

**પ્રશ્નકર્તા :** જોવામાં વાંધો નથી પણ જોવાતું નથીને !

**દાદાશ્રી :** પાંચ ઈન્દ્રિયોના ઘોડાં બધાં જો પોતે હાંકતો હોય, તે પોતે લગામને ખેંચવી પડે અને આમ જરા ઊંચું-ઢીલું કરવું પડે. એના કરતાં મેં કહ્યું, 'મૂકી દેને, બા. ઘોડા એવા ડાહ્યા છે કે એ ઘેર લઈ જશે અને મૂઆ, તું ઊલટો એ ઘોડાને લોહી કાઢે છે.'

**પ્રશ્નકર્તા :** આજ્ઞા ચૂકી ગયા છે, એની પારાશીશી કંઈ હશે ?

**દાદાશ્રી :** મહીં સફોકેશન, ગૂંગળામણ બધું થાય. એ આજ્ઞા ચૂક્યાનો જ બદલો. આજ્ઞાવાળાને તો સમાધિ જ રહે, નિરંતર. જ્યાં સુધી આજ્ઞા છે ત્યાં સુધી સમાધિ. આપણાં માર્ગમાં ઘણાંય માણસો છે કે જે આજ્ઞા સરસ પાળે છે અને સમાધિમાં રહે છે. કારણ કે આવો સરળ ને સમભાવી માર્ગ, સહજ જેવું ! અને જો એ ના અનુકૂળ આવ્યો તો પછી પેલો તો અનુકૂળ આવવાનો જ શી રીતે ? એટલે બધી જ ભાંજગડો આઘી મૂકીને, મનની ભાંજગડોમાં ધ્યાન દેવાય જ નહીં. ખાલી જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ જ રાખો. મન એના ધર્મમાં છે, એમાં શું કરવા ડખો કરવાની જરૂર ? નિરંતર આજ્ઞામાં રહેવાય, સમાધિમાં રહેવાય એવો માર્ગ છે. જરાય કઠણ નહીં. કેરીઓ-બેરીઓ ખાવાની છૂટ.

**પ્રશ્નકર્તા :** જ્ઞાનીના આશ્રયે આવ્યા પછી જે કોઈ ખામી જણાય છે તો એ પોતાની સમજવી કે સામાની સમજવી ? આપણને તો એમ થાય કે આપણે આજ્ઞા પ્રમાણે રહીએ છીએ, પણ એમાં ફેર કઈ જાતનો રહી જાય છે?

**દાદાશ્રી :** ફેર રહી જાયને, એટલે આપણને પછી બધી ઉપાધિ પડ્યા કરે, આપણને અણગમો થાય, કંટાળો આવે, એવું બધું થાય. ફેર રહી જાય તો આવું થઈ જાય, નહીં તો જો અમારી આજ્ઞામાં રહેને તો સમાધિ જાય નહીં પછી. આ જ્ઞાનનો એવો પ્રતાપ છે કે અખંડ શાંતિ રહે અને એક-બે અવતારમાં મુક્તિ મળી જાય અને અંદર નિરંતર સંયમ રહે, આંતરિક સંયમ. બાહ્ય સંયમ નહીં. બાહ્ય સંયમ તો, આ દેખાય છે એ બાહ્ય સંયમ કહેવાય. પણ અંદરનો સંયમ, કોઈનું અહિત ના થાય. પોતાને ગાળ દે તો પણ એનું અહિત ના કરે. ક્રોધ-માન-માયા-લોભ થાય નહીં એવો આંતરિક સંયમ રહે. આ જ્ઞાનનો પ્રતાપ ! ને ભૂલચૂક થઈ તો સુધારી લે.

*(પરમ પૂજ્ય દાદાશ્રીની જ્ઞાનવાણીમાંથી સંકલિત)*

## દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૧૪-૧૮ સપ્ટેમ્બર-** સેફ્રોની-મહેસાણા ખાતે પાંચ દિવસની અપરિણીત બહેનો માટે બ્રહ્મચર્ય શિબિર આયોજાઈ, જેમાં ૪૨૧ યુવતીઓએ ભાગ લીધો. શિબિર દરમ્યાન પ્રથમ બે દિવસ પૂજ્યશ્રી દ્વારા બ્રહ્મચર્ય પુસ્તક પર પારાયણ થયું હતું, પછીના બે દિવસ દરમ્યાન 'જ્ઞાન પ્રેક્ટિકલ થાય, સેવાથી' ટોપિક પર પૂજ્યશ્રીનો વિશેષ સત્સંગ તેમજ પ્રશ્નોત્તરી સત્સંગ પણ યોજાયા. બ્રહ્મચર્ય અને સેવાના ટોપિક પર એક્ટીવિટી તેમજ આપ્તપુત્રીઓ સાથે GD તેમજ PD દ્વારા સાધિકા બહેનોને માર્ગદર્શન મળ્યું હતું. તે ઉપરાંત પ્રભાતફેરી, ગરબા, સેવા ટોપિક પર નાટક, સામાયિક, પૂજ્યશ્રી સંગે ડિનર, 'દાદા દરબાર' અંતર્ગત પૂજ્યશ્રીના દર્શન વિગેરેનું પણ આયોજન થયું હતું.

**૨૦-૨૪ સપ્ટેમ્બર-** સેફ્રોની-મહેસાણા ખાતે પાંચ દિવસની અપરિણીત યુવકો માટે બ્રહ્મચર્ય શિબિરનું આયોજન થયું હતું, જેમાં ૪૫૭ જેટલાં સાધકોએ ભાગ લીધો હતો. શિબિર દરમ્યાન પૂજ્યશ્રી દ્વારા બ્રહ્મચર્ય પુસ્તક પર પારાયણ અને 'જ્ઞાન પ્રેક્ટિકલ થાય સેવાથી' ટોપિક પર વિશેષ સત્સંગો થયા હતા. આ વખતે વિશેષ સાધના-સેવામાં જોડાયેલા સાધકો માટે સ્પેશ્યલ સેશન રાખવામાં આવી હતી. એક સેશનમાં સેવા ટોપિક પર એક્ટીવિટી પણ કરાવવામાં આવી હતી. તે સિવાય આપ્તપુત્રો દ્વારા GD, PD અને સત્સંગ, પૂજ્યશ્રી સાથે મોર્નિંગ વોક, 'સેવા' થીમ પર ફોટો સેશન તેમજ કેન્ડલ થીમ પર ડિનર, ગરબા, સેવાના ટોપિક પર નાટક વિગેરે કાર્યક્રમો પણ યોજાયા હતા. અંતિમ દિવસે 'દાદા દરબાર' અંતર્ગત સાધકોએ પોતાની મૂંઝવણો રજૂ કરી પૂજ્યશ્રી પાસેથી જ્ઞાનની ચાવીઓ મેળવી હતી તેમજ એમના દર્શનનો લાભ પામ્યા હતા.

**૨૭ સપ્ટેમ્બર-** અડાલજમાં દાદાનગર ખાતે યોજાયેલ નવરાત્રિ ગરબા દરમ્યાન પૂજ્યશ્રીએ ૨૪ અને ૨૭ તારીખે પધારી ગરબે ઘૂમી સર્વે મહાત્માઓને દર્શન આપ્યા હતા. ૨૬ તારીખે પૂજ્યશ્રીએ ગરબામાં સરપ્રાઈઝ મુલાકાત આપી આશ્ચર્ય સાથે સૌ મહાત્માઓને આનંદિત કરી દીધા હતા. દરરોજ ગરબાના અંતે અંબા માતાજીની આરતી કરવામાં આવી હતી. ૨૭ તથા ૨૮ તારીખે 'દાદાઈ ગરબા-૩'ના ગાયક કલાકારો ઓરકેસ્ટ્રા સાથે લાઈવ પરફોર્મન્સ કરવા માટે આવ્યા હતા. સર્વે મહાત્માઓ ગરબા દરમ્યાન ભક્તિરસમાં તરબોળ થઈ આનંદપૂર્વક ઝૂમી ઊઠ્યા હતા.

**૨૯ સપ્ટેમ્બર થી ૬ ઓક્ટોબર-** યુ.એ.ઈ.માં પૂજ્યશ્રીની નિશ્રામાં ૪ દિવસની શિબિર ફુજેરા ખાતે યોજાયેલ, જેમાં ભારતના ૭૦ અને દુબઈ-શારજાહ-અબુધાબીના ૧૫૦ મહાત્માઓ એમ કુલ ૨૨૦ મહાત્માઓની હાજરી નોંધાઈ હતી. શિબિરમાં પૂજ્યશ્રીનું સ્વાગત દુબઈના મહાત્માઓ દ્વારા પંજાબી પાઘડીઓ પહેરીને ઢોલ-વાજીંત્રો સાથે ભાંગડા નૃત્ય કરીને કર્યું હતું. શિબિરમાં પ્રશ્નોત્તરી સત્સંગ ઉપરાંત GNC દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, MMHT નાટક, ગરબા, પૂજ્યશ્રી સાથે સમૂહ ભોજન તથા 'દાદા દરબાર'ના કાર્યક્રમો યોજાયા હતા.

ત્યાર બાદ ૩જી તારીખે સાંજે પૂજ્યશ્રીએ મહાત્માઓ સાથે અબુધાબીની પ્રસિદ્ધ ગ્રાન્ડ મોસ્ક (મસ્જિદ)ની મુલાકાત લીધી હતી. દુબઈમાં તા. ૪ અને ૫ ઓક્ટોબરના યોજાયેલ સત્સંગમાં ૪૫૦ લોકો આવ્યા હતા અને તા. ૬ના યોજાયેલ જ્ઞાનવિધિમાં ૨૫૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું.

**૭ થી ૯ ઓક્ટોબર-** મસ્કતમાં ૨૦૦૪માં પૂજ્ય નીરુમાના સાંનિધ્યમાં થયેલ સત્સંગ-જ્ઞાનવિધિના કાર્યક્રમ પછી ૧૩ વર્ષના લાંબા સમયગાળા બાદ પૂજ્યશ્રીના સાંનિધ્યમાં પ્રથમ વખત ૩ દિવસનો સત્સંગ-જ્ઞાનવિધિનો કાર્યક્રમ ક્રિષ્ના મંદિર હોલમાં યોજાયો. બે દિવસના સત્સંગ દરમિયાન ૪૫૦ મહાત્મા-મુમુક્ષુઓએ ભાગ લીધો હતો. ૯ ઓક્ટોબરે જ્ઞાનવિધિમાં ૨૨૫ મુમુક્ષુઓ આત્મજ્ઞાન પામ્યા હતા. સ્થાનિક તેમજ ભારત-દુબઈથી આવેલા મહાત્માઓએ પૂજ્યશ્રી સાથે ઈન્ફોર્મલ સમય ગાળ્યો હતો, જેમાં અરેબિક મહાસાગરમાં ક્રુઝમાં ડોલ્ફિન વોચિંગ સાથે બોટિંગ ગરબાનો આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમ અગાઉ મસ્કતમાં છેલ્લા બે વર્ષથી યોજાયેલા આપ્તપુત્ર સત્સંગોથી પ્રેરાઈને ઘણાં બધા મુમુક્ષુઓ આત્મજ્ઞાન લેવા આવ્યા હતા.

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ:** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ:** ૯૯૨૪૩૪૫૫૮૮; **અંજાર:** ૯૯૨૪૩૪૬૬૨૨ **ગોધરા:** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી:** ૯૯૨૪૩૪૧૧૮૮; **સુરેન્દ્રનગર:** ૯૭૩૭૦૪૮૩૨૨, **અમરેલી:** ૯૯૨૪૩૪૪૪૬૦; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭
**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ:** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **મુંબઈ:** ૯૩૨૩૫૨૮૯૦૧
**U.S.A.-Canada:** +1 877-505-DADA(3232); **U.K.:** +44 330-111-DADA(3232); **Australia :** +61 421127947

## પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન' - ગુજરાત (ગિરનાર)** પર દરરોજ સવારે ૯ થી ૯-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
- **'અરિહંત' ચેનલ** પર દરરોજ સવારે ૩ થી ૩-૩૦ અને સાંજે ૫ થી ૫-૩૦
- **'साधना' टीवी** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में)
- **'दूरदर्शन'-मध्यप्रदेश** पर सोम से शनि, दोपहर 3-30 से 4 ; रवि, शाम 6 से 6-30 (हिन्दी में)

**USA -Canada**
- **'TV Asia'** - પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST
- **'SAB US'** - પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ EST

**UK**
- **'वीनस' टीवी** पर हर रोज़ सुबह 8 से 8-30 (हिन्दी में)
- **'SAB UK'** - પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ - Western European Time (6.30am-7am GMT)
- **'Rishtey-UK'** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में) Western European Time (6am-6-30am GMT)

**Singapore**
- **'SAB- International'** पर हर रोज़ सुबह 8-30 से 9 (हिन्दी में)

**Australia**
- **'SAB- International'** पर हर रोज़ सुबह 11-30 से 12 (हिन्दी में)

**New Zealand**
- **'SAB- International'** पर हर रोज़ दोपहर 1-30 से 2 (हिन्दी में)

## પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર)** પર દરરોજ રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
- **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર)** પર સોમથી શનિ બપોરે ૩-૩૦ થી ૪ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
- **'અરિહંત' ચેનલ પર** દરરોજ રાત્રે ૮ થી ૯
- **'दूरदर्शन'-सह्याद्रि** पर हर रोज़ सुबह 7 से 7-30 (मराठी में)
- **'दूरदर्शन'-नेशनल** पर सोम से शनि, सुबह 8-30 से 9 ; रवि, सुबह 6-30 से 7 (हिन्दी में)
- **'दूरदर्शन'-बिहार** पर शनि से गुरु सुबह 7 से 7-30 तथा शाम 6-30 से 7 ; शुक्र शाम 5 से 5-30 (हिन्दी में)

**USA -Canada**
- **'Rishtey-USA'** पर हर रोज़ सुबह 7-30 से 8 (हिन्दी में) EST

**UK**
- **'વીનસ' ટીવી** પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ (ગુજરાતીમાં)

**Singapore**
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 4-30 से 5 तथा सुबह 7 से 7-30 (हिन्दी में)

**Australia**
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7-30 से 8 तथा सुबह 10 से 10-30 (हिन्दी में)

**New Zealand**
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 9-30 से 10 तथा दोपहर 12 से 12-30 (हिन्दी में)

**CAN-Fiji-NZ-Sing.-SA-UAE**
- **'Rishtey-Asia'** पर हर रोज़ सुबह 7-30 से 8 (हिन्दी में) UAE Time (9am-9-30am IST)

**USA-UK-Africa-Aus.**
- **'આસ્થા'** પર દરરોજ રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)

---

## દાદાવાણી મેગેઝીનના સભ્યો માટે સૂચના

દાદાવાણીના જે સભ્યોને અંક ન મળતા હોય અથવા મોડા મળતા હોય, તેમણે અગાઉ મળેલ દાદાવાણીના કવર પર અથવા દાદાવાણી લવાજમ ભર્યાની રસીદ પર પોતાની તમામ વિગતો જેવી કે નામ, સરનામું, ગામ/શહેર, પીનકોડ વિગેરે ચેક કરવા. એમાં કંઈ પણ ભૂલ હોય તો તમારો ગ્રાહક નંબર, પૂરું નામ-સરનામું (પિનકોડ સાથે) લખી મોબાઈલ નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર SMS કરવો. આપ અડાલજ ત્રિમંદિરના સરનામે પત્ર દ્વારા અથવા dadavani@dadabhagwan.org ઈમેલ આઈ-ડી પર પણ આ માહિતી જાણ કરી શકો છો. જેથી આપની અત્રે નોંધાયેલ વિગતોમાં સુધારો થઈ શકે. જો આપને દાદાવાણીનો અંક ન મળે તો ઉપરોક્ત કોઈ પણ માધ્યમથી અમોને જાણ કરવા વિનંતી છે. એ અંક સ્ટોકમાં હશે તો આપને ફરીથી મોકલવામાંઆવશે.

---

## દાદાવાણી મેગેઝીનના વાર્ષિક સભ્યો માટે સૂચના

અગર આપે દાદાવાણી મેગેઝીનનું વાર્ષિક લવાજમ ભર્યું છે, તો તે બાર મહિના પછી પૂરું થઈ જાય છે. આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે, એની આપને શી રીતે ખબર પડશે ? જો આપની આ મહિનાની આવેલ દાદાવાણીના કવરના લેબલ પર ગ્રાહક નંબરની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી દાદાવાણી છે. દા.ત. DGIA12345#. જો આપ દાદાવાણી મેગેઝીન રિન્યુ કરાવવા ઈચ્છતા હો તો લવાજમની વિગત અને કયા સરનામે મનીઓર્ડર કે ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવો (સંપર્કસૂત્ર) એની વિગત પેજ નં.૩ પર આપેલ છે.

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### જામનગર - ત્રિમંદિર ખાતમૂહૂર્ત

**૭ નવેમ્બર** (મંગળ) - સવારે ૧૦ થી ૧૧-૩૦ - **ત્રિમંદિર ખાતમૂહૂર્ત** **સંપર્ક :** ૯૯૨૪૩૪૩૬૮૭

**સ્થળ :** વ્રજભૂમિ-૧ની સામે, TGES સ્કૂલની પાસે, માણેકનગર, ચેમ્બર ઓફ કોમર્સ, રાજકોટ રોડ, જામનગર (ગુજ.).

### સુરેન્દ્રનગર

**૮ નવેમ્બર** (બુધ) - રાત્રે ૮ થી ૧૧ - **આપ્તપુત્ર સત્સંગ** તથા **૯ નવેમ્બર** (ગુરુ) - સાંજે ૭-૩૦ થી ૧૧ - **જ્ઞાનવિધિ**

**૧૦ નવેમ્બર** (શુક્ર) - રાત્રે ૮ થી ૧૧ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** ભક્તિનગર સર્કલ ગ્રાઉન્ડ, ૮૦ ફૂટ રોડ, સુરેન્દ્રનગર (ગુજરાત). **સંપર્ક :** ૯૯૭૯૬૮૦૪૭૧

### ભુવનેશ્વર

**૨૫ નવેમ્બર** (શનિ) - સાંજે ૫-૩૦ થી ૮-૩૦ - **સત્સંગ** તથા **૨૬ નવેમ્બર** (રવિ) - સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

**૨૭ નવેમ્બર** (સોમ) - સાંજે ૬ થી ૮-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** KIIT ઓડિટોરીયમ, KIIT યુનિવર્સિટી કેમ્પસ, પાટિયા, ભુવનેશ્વર, (ઓરિસ્સા). **સંપર્ક :** ૯૫૮૨૦૮૮૬૨૬

### બોટાદ

**૭ ને ૯ ડિસેમ્બર** (ગુરુ - શનિ) - રાત્રે ૮ થી ૧૧ - **આપ્તપુત્ર સત્સંગ**

**૮ ડિસેમ્બર** (શુક્ર) - સાંજે ૭-૩૦ થી ૧૧ - **જ્ઞાનવિધિ** **સંપર્ક :** ૯૭૨૩૬૯૯૯૧૨

**સ્થળ :** ત્રિવેણી ખોડીયાર મંદિરની પાસે, વિજય પેટ્રોલ પંપની પાસે, પાલિયાદ રોડ, બોટાદ (ગુજરાત).

### ભાવનગર

**૯ ને ૧૧ ડિસેમ્બર** (શનિ - સોમ) - સાંજે ૭ થી ૧૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**૧૦ ડિસેમ્બર** (રવિ) - સાંજે ૬-૩૦ થી ૧૦ - **જ્ઞાનવિધિ** **સંપર્ક :** ૯૯૨૪૩૪૪૪૨૫

**સ્થળ :** જવાહર મેદાન, વાઘાવાડી રોડ, રિલાયન્સ મોલની સામે, ભાવનગર (ગુજરાત).

### રાજુલા

**૧૧ ને ૧૩ ડિસેમ્બર** (સોમ - બુધ) - રાત્રે ૮ થી ૧૧ - **આપ્તપુત્ર સત્સંગ**

**૧૨ ડિસેમ્બર** (મંગળ) - સાંજે ૭-૩૦ થી ૧૧ - **જ્ઞાનવિધિ** **સંપર્ક :** ૮૧૪૦૦૬૫૧૧૧

**સ્થળ :** ક્રિષ્નાનગર સોસાયટી, ગાયત્રી મંદિર પાસે, રાજુલા, જિ-અમરેલી (ગુજરાત).

### સાવરકુંડલા

**૧૩ ને ૧૫ ડિસેમ્બર** (બુધ - શુક્ર) - રાત્રે ૮-૩૦ થી ૧૧-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**૧૪ ડિસેમ્બર** (ગુરુ) - સાંજે ૭-૩૦ થી ૧૧ - **જ્ઞાનવિધિ** **સંપર્ક :** ૯૪૨૭૫૫૫૪૭૬

**સ્થળ :** ઓપન એર થિયેટર, જનતા બાગ પાસે, સાવરકુંડલા, જિ-અમરેલી (ગુજરાત).

### અડાલજ ત્રિમંદિરે સત્સંગ પારાયણ : તા. ૨૩-૩૦ ડિસેમ્બર તથા મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા : ૩૧ ડિસેમ્બર

**આપ્તવાણી શ્રેણી ૧૩(ઉતરાર્ધ)** પર **વાંચન-સત્સંગ-સામાયિક** થશે.

**૨૩-૩૦ ડિસેમ્બર**, સવારે ૯-૩૦ થી ૧૨, સાંજે ૪-૩૦ થી ૭ - **સત્સંગ**, રાત્રે ૮-૩૦ થી ૯-૩૦ - **સામાયિક**

**૩૧ ડિસેમ્બર** (રવિ), સવારે ૧૦ થી ૧૨-૩૦ - **શ્રી સીમંધર સ્વામીની નાની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા**

**સૂચના :** (૧) પારાયણમાં ભાગ લેવા તા. ૩ ડિસેમ્બર ૨૦૧૭ સુધીમાં પોતાના સેન્ટરમાં તથા જ્યાં નજીકમાં સત્સંગ સેન્ટર નથી એમણે અડાલજ ત્રિમંદિર ૦૭૯-૩૯૮૩૦૪૦૦ નં. (સવારે ૯ થી ૧૨ તથા બપોરે ૩ થી ૬) પર રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

(૨) જે મહાત્માઓ પાસે દાદા ભગવાન પરિવારનું પરમેનન્ટ આઈ-કાર્ડ છે, એમણે આઈ-કાર્ડ અવશ્ય સાથે લેતા આવવું.

(૩) મહોત્સવમાં ભાઈઓ-બહેનો માટે અલગ-અલગ ઉતારાની વ્યવસ્થા હોઈ શકે, માટે પોતપોતાનો સામાન જુદો લાવવો.

નવેમ્બર ૨૦૧૭
વર્ષ-૨૩, અંક-૩
સળંગ અંક-૨૬૭

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/23/2015
Valid up to 31-12-2017
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## પરમ વિનયી પર જ્ઞાનીની વિશેષ કૃપા

'પાંચ આજ્ઞામાં નિરંતર રહેવું છે' એ ભાવ અંદર રહેવો જોઈએ. બીજી કોઈ કૃપા કંઈથી આપવા-કરવાની છે નહીં. પરમ વિનય, એટલું જ આપણે સમજવાનું છે અને પોતે જે દાદાએ કહ્યું છે, એવી જ આજ્ઞા પાળવાની મજબૂત ઈચ્છા. અમને માલૂમ પડી જાય કે આની ઈચ્છા મજબૂત છે કે મોળી છે ! આ સ્કૂલમાં ૨૫-૩૦ છોકરાં હોય ને, તેમાં બે-ચાર જણ ઉપર માસ્તરની વધારે કૃપા હોય. જે એમના કહ્યા પ્રમાણે લેસન ને બધું કરી લાવે, એના પર વિશેષ રાજી હોય. એમ જ્ઞાની પુરુષના ઉપર પરમ વિનય જેને કોઈ દહાડો ચૂકાતો નથી, ત્યાં એમની કૃપા વિશેષ હોય.

\- દાદાશ્રી

માલિક-મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - શ્રી ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બેઝમેન્ટ, પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.